Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

હરિઃ ૐ

# હરિભાવ

Year : 21 - Issue : 5

February, 2017



(વસંતતિલકા છંદ)

હૈયે સમાન જીવમાત્ર જ સર્વ જેને,
ના રાગદ્વેષ કંઈ અંતરમાં વસે છે,
વ્હાલા ગણે પણ સ્વભાવથી ભક્તને તું,
એવા પ્રભુ, હૃદયથી તુજને નમું હું.

- શ્રીમોટા

'તુજચરણે', શ્લોક-૩૩



કાલે રાત્રે જ કાંતિભાઈ સાથે મારે વાત થઈ કે ભયંકર સમય આવી રહ્યો છે.**Atom bomb, Hydrogen bomb** ફૂટશે, સર્વનાશ થશે. અગર તમો તૈયાર હશો તો કાંઈ નહિ થાય.

આ બધા ખુલાસાઓ મેં સને ૧૯૫૭માં 'માનવતા અને ગાયત્રી' નામના પુસ્તકમાં અને અન્ય લખાણોમાં કરેલા છે. જ્યારે સમય આવશે ત્યારે બધા આ લખાણ જોઈને ચકિત થઈ જશે.

- સ્વામી શ્રીસદાશિવ

*'પ્રજ્ઞારસ માધુરી (ઉત્તરાર્ધ)', પ્ર. આ., પૃ. ૨૮૧*

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૧ અંક : ૫ ફેબ્રુઆરી, ૨૦૧૭

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.:૯૩૨૭૦૩૬૪૧૪**

## અનુક્રમ

૧. રાગદ્વેષ .................................... શ્રીમોટા ૪
૨(અ) સ્વાર્થ સંસાર માટે, પરમાર્થ આત્મા અર્થે ....... શ્રીમોટા ૫
૨(બ) શ્રીસાંઈ સરોવરનું પુનઃમુદ્રણ ........... રેખાબહેન પટેલ ૬
૩. નૂતન વિશ્વમાં સ્ત્રીઓનું સ્થાન................ શ્રીમાતાજી ૭
૪. સૂર્યોપાસના .......................... પાંડુરંગ શાસ્ત્રીજી ૮
૫. સુખમાં પડતી, દુઃખમાં ચડતી .................. શ્રીમોટા ૯
૬. શ્રીજીમહારાજ અને દાદા ખાચર : (૩) .... પ્રભુદાસ જાની ૧૧
૭. જ્ઞાન-કર્મ-ભક્તિનો ત્રિવેણીસંગમ ...શ્રી રવિશંકર મહારાજ ૧૨
૮. શ્રીનર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન ......... સ્વામી પ્રેમાનંદજી ૧૪
૯. સ્વામી યોગાનંદનાં માતાજી...........શ્રી રમણલાલ સોની ૧૬
૧૦.કર્મ, સભાનતા ને સાધના ...................... શ્રીમોટા ૧૮
૧૧.શરીર : સ્થૂળ-સૂક્ષ્મ-કારણ-મહાકારણ ...... શ્રીદાસાનુદાસ ૨૦
૧૨.ગોધરાના બાપજી (૧) .................શ્રી મુકુલ કલાર્થી ૨૧
૧૩.પંચમહાભૂત અને પંચીકરણ ................ શ્રીરામબાવા ૨૪
૧૪.પૂ.શ્રીમોટાના સંદેશ પ્રસારક - શ્રી જયંતીભાઈ જાની ...સંપાદક ૨૬

## જ્ઞાનદાન

**ગામ પલાણાના હાલ અમેરિકા નિવાસી પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી રામભાઈ પી. પટેલનાં ધર્મપત્ની**
**અને**
**હરિઃૐ આશ્રમ, નડિયાદમાં ટ્રસ્ટી પદે જેમણે સેવાઓ આપી હતી, તે શ્રી હરેશભાઈનાં માતુશ્રી લલિતાબહેનના ૮૩ વર્ષની વયે તા.૨૯-૧૧-૧૬ના રોજ થયેલ દેહાંત નિમિત્તે, એ પરિવાર તરફથી અપાયેલ સહયોગ બદલ ગતાત્માને શ્રીહરિ ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના સહ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ.**

**સંપાદક**

# (૧) રાગદ્વેષ

**શ્રીમોટા**

શરૂઆતના શ્રેયાર્થીના સાધનાકાળના તબક્કામાં 'રાગદ્વેષ' એના ઊર્ધ્વ આરોહણમાં એને હરાવવા, પાછો પાડવા અજાણમાં ઓચિંતો હુમલો કરીને તેને ડામવા મથતા હોય છે.

રાગદ્વેષ તો ધાડપાડુઓ, ડાકુઓ અને લૂંટારા છે. એને મોળા પાડ્યા સિવાય શ્રેયાર્થીની ઊર્ધ્વ માર્ગ પરત્વેના વિકાસની ગતિ સાચી રીતે થઈ શકતી નથી. રાગદ્વેષ જીવનમાં કેટકેટલી રીતે અશાંતિ, ક્લેશ, સંઘર્ષણ પેદા કરે છે અને ચિત્તને વિક્ષિપ્ત કરી નાખે છે. રાગદ્વેષના અનેક સ્થૂળ અને સૂક્ષ્મ પ્રકારો અને ભેદો પણ છે. રાગદ્વેષનું સૂક્ષ્મપણું વધારે જોરદાર હોય છે.

**શ્રેયાર્થી તો હંમેશાં સતત મથનાર જીવ છે.** સ્થૂળ યુદ્ધના મોટા મોટા મહારથીઓની અને સેનાપતિઓની હોય તેના કરતાં પણ આ સંગ્રામમાં રાગદ્વેષની સામે ઝઝૂમવાને માટે શ્રેયાર્થીની બુદ્ધિ વધારે સૂક્ષ્મ અને તેજ થયેલી હોય છે. રાગદ્વેષ ભલેને ગમે તેવા કપરા હોય અને હરાવવા મુશ્કેલ હોય છતાં શ્રેયાર્થી એને કુનેહથી, કળાથી, મર્દાનગીથી, હિંમતથી, ધીરજથી, ખંતથી-ઉદ્યમથી એકધારો સતત મથ્યા જ કરતો હોય છે.

શ્રેયાર્થી રાગદ્વેષને હઠાવવાને મથે તો છે, પણ એનું નિશાન એ માટે જે આંતરિક બળની જરૂર છે, તે કેળવવા જ્ઞાનભક્તિપૂર્વક સદાય ભાવનાશીલ, પ્રાર્થનાશીલ, મનનચિંતવન-શીલથી મથતો હોય છે. રાગદ્વેષનાં વલણોમાં તે ભેરવાઈ પડતો નથી ને એમ કરીને પેલા વલણને વહી જવા દે છે. તેની સાથે તે કશો સહકાર સાધતો નથી, ભાગ લેતો નથી.

રાગદ્વેષને માત્ર બુદ્ધિના બળથી હરાવી નહિ શકાય, શ્રેયાર્થીની જ્ઞાનપૂર્વકની ભક્તિ કેળવાતી જતી હોવી જોઈશે. જીવનની એવી ભક્તિની શક્તિ અપરંપાર છે. ત્યારે જ એવી ભૂમિકામાં જીવનની શક્તિ બઢતી જતી હોય છે. **બુદ્ધિમાં ભક્તિ પ્રગટ્યા વિના રાગદ્વેષ કદી પણ નિર્મળ થઈ શકતા નથી.**

રાગદ્વેષ મોળા પડતા જતા હોય એ કેવી રીતે સમજાય અને એનાં લક્ષણો કેવાં કેવાં હોય તે વિષે પણ આ **'રાગદ્વેષ'**માં લખાયું છે. વળી, રાગદ્વેષ મોળા કેવી રીતે પડે તે વિશે પણ કોઈની જિજ્ઞાસા અન્વયે ભગવાનની કૃપાથી સ્પષ્ટીકરણ કરાયું છે.

કોઈ પણ માણસને જ્યારે કંઈક કશું ઘણું ઘણું ખૂંચે ત્યારે જ તે તેમાંથી મુક્ત થવાને પ્રેરાય છે. તેવી જ રીતે શ્રેયાર્થીના જીવનમાં કાંટાની પેઠે રાગદ્વેષ ખૂબ ખૂંચતા અને સાલતા થયા હશે, તો જ તેને મોળા પાડવાનું બની શકશે નહિતર નહિ.

*'પૂરેપૂરું વિના ખૂંચ્યા, સાલતું તે થયા વિના,*
*તેથી મુક્ત થવાનું કદાપિ થાય શક્ય ના.'*

રાગદ્વેષનાં લખાણમાં રાગદ્વેષનું સ્વરૂપદર્શન એનાં લક્ષણો અંગે, રાગદ્વેષનાં કાર્ય અંગે તેમ જ રાગદ્વેષના ક્ષય માટેના અભ્યાસ અંગે અને છેલ્લે રાગદ્વેષનો ક્ષય થયો હોય તો તેનાં પ્રમાણ અંગે પણ સ્પષ્ટતા કરાઈ છે.

*'સદ્ભાવ સર્વ પ્રત્યેનો જીવંતો ટકતો દીસે*
*રાગદ્વેષ પડ્યા મોળા એનું ધોરણ માત્ર તે.*
*સર્વ અણગમા, ઈર્ષ્યા ને અદેખાઈ ઓગળે,*
*રાગદ્વેષ પડ્યા મોળા તેનું લક્ષણ જાણજે.*
*ને અપમાન, અન્યાય, કરતાં છો ભલે જ હો,*
*છતાં નાખુશી ના જન્મે, ઘટેલા જાણજો જ તે.'*

'રાગદ્વેષ', બી.આ.; લેખકના બે બોલમાંથી સંકલન ❑

# ૨(અ) સ્વાર્થ સંસાર માટે, પરમાર્થ આત્મા અર્થે

કથાવાર્તા ઘણાં વાંચે છે અને સાંભળે છે, તેમ છતાં આપણે જેવાં છીએ તેવાં ને તેવાં જ છીએ. જો ભગવાનનું સ્મરણ અને સત્સંગ વધારે કરીશું તો ભગવાન વિશે આપણે વિચારતાં થઈશું. **ભાઈ, તમે પરમાર્થ કરો તો જાણે તમે મારે માટે એક રાજમહેલ બંધાવ્યો હોય એટલો બધો મને આનંદ થશે.**

હું તો તમારા કલ્યાણ માટે કહું છું, પરંતુ તમે સ્વાર્થમાંથી નીકળી શકો એમ નથી. એમાંથી નીકળશો ત્યારે જ તમે મારી સાથે પ્રેમ કરી શકશો. આ કુદરત જુઓ, આ આંબાનો મોર જુઓ, નદીનું જળ જુઓ, એ લે છે એના કરતાં આપે છે વિશેષ.

તમે મારી સાથે સગપણ કરતા નથી. તમે મારી સાથે પ્રેમ કરો તોય ઘણું. બીજું કંઈ ન થાય તો કાંઈ નહિ પણ **'મનને', 'તુજ ચરણે'** (પૂજ્ય શ્રીમોટાની રચનાઓ-સં.) વગેરે પુસ્તકો તમે ખરીદો, વાંચો અને કોઈને ભેટ આપો.

એક ભાઈ કહે કે, **'મોટા,** બધાંને તમારે માટે બહુ લાગણી છે, તમારે માટે બહુ માન છે.' પણ હું કહું છું કે આ બધી તદ્દન ખોટી વાત છે, સાવ ખોટી વાત. મારો આ વેશ તો ગૃહસ્થાશ્રમીનો છે. જો ભગવાં કપડાં પહેર્યાં હોત તો તો વાત જુદી જ હોત. હું કોઈનો દબાયેલો નથી પણ મારા બેટા, તમે બધાં આશ્રમની જોઈએ તેટલી સેવા કરતા નથી. મને મદદ કરતા નથી, એ વાત ચોક્કસ. તમે તમારા પેટ માટે કમાઓ છો તે તો સ્વાર્થ કહેવાય, પણ મારે તો તમારી પાસે પરમાર્થ કરાવવો છે, અને એ પણ પ્રેમથી. તમારું ધન મારે લૂંટી લેવું નથી.

મને જો મારા ભગવાનનો હુકમ મળે તો હું લૂંટી પણ લઉં, પણ મને હુકમ મળ્યો નથી. મારે બળજબરી નથી કરવી. સમાજના કામ માટે કશું કરો. તમારી પાસે છે એનો દસમો ભાગ તો આપો ! મને લૂંટી લેવામાં જરાય સંકોચ નહિ થાય.

એક વાત ચોક્કસ કે આ પ્રવચનો ઉપદેશ માટે નહિ પણ તમે બધાં મળી શકો એટલા માટે જ છે. આ જીવન તો કીમતી હીરો છે, કાચ નથી. તમે બધાં સ્વાર્થમાં રચ્યાં પચ્યાં ના રહો, કોઈને પણ પૂછો કે સ્વાર્થ કરતાં પરમાર્થ ચડે કે નહિ ?

તમે મને એકલાને જ મદદ કરો એવું મારું કહેવું નથી. હું તો તમારું જ કામ લઈને બેઠો છું. મારે તો હવે કશું કરવાનું નથી, સ્વાર્થ પણ નહિ અને પરમાર્થ પણ નહિ, પણ મારા અને તમારા પ્રારબ્ધના સંબંધે એક નિમિત્તના કારણે તમે ખેંચાઈને આવેલા છો, તો તેના પરથી તો સમજો કે આ **મોટા** સાથે આપણને નિમિત્ત છે, પણ તમારામાં એવો સ્વયંભાવ જાગ્યો નથી. એટલે મારે તમારી પાસે પરમાર્થ કરાવવો છે. એને ભલે મારો સ્વાર્થ ગણો તો સ્વાર્થ ગણો, પણ મારે તમારી પાસે પરમાર્થ કરાવવો છે.

જો હું સાધુ હોત તો બેચાર ગાળ પણ ચોપડી દેત, પણ હું ગૃહસ્થાશ્રમી છું. મારા ગુરુમહારાજને લીધે મારો વેશ ગૃહસ્થાશ્રમીનો છે. જેટલી ઠંડકથી હું તમારી વાત સાંભળું છું. એટલી ઠંડકથી તમે મારી વાત નહિ સાંભળો. ગુરુમહારાજે મને કહ્યું કે, 'તારે ગૃહસ્થાશ્રીનો વેશ રાખવો' ગૃહસ્થાશ્રમીએ તો બધાં સાથે ખૂબ હળીમળીને, સુમેળથી, પ્રેમથી, સદ્‌ભાવથી રહેવું જોઈએ તે રીતે વર્તવું જોઈએ.

જેમ કૃષ્ણ ભગવાને અર્જુનને વિરાટ દર્શન

કરાવ્યું હતું, તેમ મને પણ ભગવાનનું દર્શન થયેલું છે. તમને એની ખબર નથી, કારણ તમે ગળાબૂડ સંસારમાં ડૂબેલાં છો.

જેના જીવનમાં ધર્મ પ્રગટેલો છે—ધર્મની ભાવના જાગી છે, એવા માણસના જીવનમાં સ્વાર્થ ધીમે ધીમે મોળો પડતો જાય છે અને પરમાર્થ વધતો જાય છે, તો મારે એ જ કહેવાનું છે કે તમે આશ્રમના કામમાં ચિત્ત રાખો. તમે તમારા ઘરમાં મદદ કરો છો તેવી રીતે મને મદદ કરો. **પરમાર્થના કામમાં મદદ કરી હશે તો એનો બદલો મળ્યા વગર રહેવાનો જ નથી. એ તો સૂરજ ઊગે એ જેટલું સાચું છે તેટલું જ સાચું છે.**

મને ટોળાંનો શોખ નથી. આ આશ્રમ મારા બાપનો નથી. આ આશ્રમ તો સમાજનું કામ કરવા માટે છે. એના કામમાં તમે સૌ મદદ કરો તો સારું. પરમાર્થ કરવો અઘરો છે. **સ્વાર્થ સંસારની દૃષ્ટિએ મહત્ત્વની વાત છે અને પરમાર્થ આત્માની દૃષ્ટિએ મહત્ત્વનો છે.**

હું તો તમારા બધાંયની સાથે પ્રેમથી ભળું છું. અરે, તમારા ઘરના દરેકે દરેક સભ્ય સાથે મહોબત કરું છું કે નહિ ? ત્યારે આ જે આશ્રમ બનાવ્યો છે તે તમારા બધાં માટે બનાવ્યો છે, અને તમને સૌ સ્વજનોને પરમાર્થની સમજ પડે એટલા માટે બનાવ્યો છે.

આ આશ્રમ મેં કાંઈ રોટલા ખાવા માટે નથી બનાવ્યો. રોટલા ખાવા હોય, તો આ ઉંમરે પણ હું પુસ્તકો લખીને કમાઈ શકું એટલી તાકાત છે, પણ અહીં બધાં મને મળવા આવી શકે અને તેઓ મૌનમાં બેસે તો તેઓના જીવોનું (આત્માનું) કલ્યાણ થાય, ભગવાન પ્રત્યે અભિરુચિ અને અભિમુખતા પ્રગટે એટલા માટે આ આશ્રમ છે.

'સ્વજનોને સંબોધન', પ્ર.આ.; પૃ. ૭૫ ❑

# ૨(બ) શ્રીસાંઈ સરોવરનું પુનઃમુદ્રણ

**રેખાબહેન પટેલ**

તીર્થસ્થાન શિરડીના શ્રીસાંઈબાબાના જીવનચરિત્ર ઉપર સદ્‌ગત શ્રી મગનલાલ તાપીદાસ જર્મનવાળાની કલમે સને ૧૯૮૬-૮૭માં **'શ્રીસાંઈ સરોવર'** નામથી એક સદ્‌ગ્રંથનું પ્રકાશન થયું હતું.

એ ગ્રંથમાં સદ્‌ગુરુ શ્રીસાંઈબાબા સહિત અનેક સંતમહાત્માઓ, ઋષિમુનિઓ તથા પ્રખર સાંઈભક્તોનાં જીવનચરિત્રોનું ઊંડાણપૂર્વક વર્ણન સમાવાયેલ છે. મુખ્યત્વે સાકુરીનાં શ્રીગોદાવરીમા, શ્રીશાંતવનજી મહારાજ, સંતશ્રીમૌનીબાબા, સંતશ્રી નર્મદાનંદજી મહારાજ, શ્રીસાંઈ શરણાનંદજી વગેરેનાં જીવનચરિત્રોનો સમાવેશ કરાયેલ છે.

આ ઉપરાંત, અનેક સાંઈભક્તો જેવા કે ભરૂચ શહેરના પારસી ભક્ત શ્રીલીમજી દારાશા ગાંધી, શ્રીમદ્રાસી સ્વામી, શ્રી દાભોલકરજી, શ્રીદાસગણુ મહારાજ, શ્રી વામનરાય ગોખલે, શ્રીબાલકૃષ્ણ દેવ મામલતદાર, પ્રોફેસર શ્રી નારદ વગેરેની વિગતોનો આ મહાગ્રંથમાં ઉલ્લેખ છે.

શ્રીસાંઈબાબા સાથે દ્વારિકામાઈમાં રાતદિવસ રહેનાર ભક્ત મહાલ્સાપતિ, શરણાઈ વગાડનાર શ્રી બાલાજી પિલાજી અંગે પણ આધારભૂત માહિતી રજૂ થઈ છે. બાબાશ્રીની અંતિમ મહાસમાધિની સંપૂર્ણ વિગત આંખે દેખ્યા અહેવાલ સ્વરૂપે સમાવાયેલ છે.

શ્રીસાંઈબાબાની મહાસમાધિ બાદ બે દાયકા જેવા સમય પછી હરિઃૐ આશ્રમના પ્રણેતા પૂજ્ય શ્રીમોટા સાથેના પ્રસંગોની હકીકત સ્વરૂપે વિગતો અપાયેલ છે.

બાબાશ્રીનાં સ્ત્રી ભક્તો જેવાં કે બાયજામા, લક્ષ્મીબાઈ, રાધાકૃષ્ણમાઈ, દુર્ગામાઈ કરમાકર, ચંદ્રાબાઈ બોરકર વગેરેની કથાઓ પણ વર્ણવાયેલ છે.

આ સદ્‌ગ્રંથનું પુનઃપ્રકાશન હવે ઉપલબ્ધ છે, તે માટે તેમ જ વિશેષ જાણકારી માટે સંપર્ક-

(૧) **કીર્તિકુમાર મગનલાલ જર્મનવાળા**, સુરત
મો. ૯૮૨૫૧૦૦૦૭૭

(૨) **રેખાબહેન એમ. પટેલ**
૫૫, કરણપાર્ક, ડી માર્ટ પાસે, કલ્પના ચાવલા માર્ગ, અડાજણ, સુરત.મો. ૯૮૯૮૧૯૯૧૪૮

## (૩) નૂતન વિશ્વમાં સ્ત્રીઓનું સ્થાન

**શ્રીમાતાજી**

એ સાચું છે કે અત્યાર સુધીનો રિવાજ એવો રહેલો છે કે જ્યારે પણ કોઈ મહત્ત્વની ઘટનાઓ કે કાર્યો હાથ ઉપર લેવાનાં હોય છે, ત્યારે એક ઉપેક્ષાભર્યા અને ઉપકૃત કરતા હોય એવા સ્મિત સાથે સ્ત્રીઓને એક ખૂણે બેસાડી દેવામાં આવે છે અને જાણે એમ સૂચવવામાં આવે છે કે 'તમે તો બિચારાં, ગરીબડાં, દુર્બળ, નકામા પ્રાણીઓ છો, આ બધાંમાં તમારું કોઈ કામ નહિ' અને કંઈ નહિ તો ઘણાખરા દેશોમાં સ્ત્રીઓએ બાળક જેવા આધીનપણાના, કદાચ અકર્મણ્યભાવને કારણે પણ, આ ખેદજનક પરિસ્થિતિ સ્વીકારી પણ લીધી છે. હું એમ કહેવાનું સાહસ કરું છું કે આ બાબતમાં તેઓ ભૂલ કરે છે.

હવે, ભવિષ્યમાં પુરુષ અને સ્ત્રી વચ્ચે આ પ્રકારની અસમતુલા કે ભેદને જીવનમાં કોઈ પ્રકારનું સ્થાન નહિ રહે. સ્ત્રીજાતિ અને પુરુષજાતિ વચ્ચેના સાચા સંબંધોનો પાયો, એકમેકને સહાય કરવા ઉપર અને એકબીજા સાથે ઘનિષ્ઠ રીતનો સહકાર કરવા ઉપર રહેશે અને માટે જ આપણે (સ્ત્રીઓએ) આપણું નિયત સ્થાન ફરીથી પ્રાપ્ત કરી લેવું જોઈએ.

આપણે આપણું યથાયોગ્ય સ્થાન પ્રાપ્ત કરીને આધ્યાત્મિક ઘડતર ઘડનાર અને કેળવણી આપનાર તરીકે જે આપણું સાચું મહત્ત્વ છે, તેને અડગપણે આગળ લાવવું જોઈશે. એ ખરું છે કે કેટલાક પુરુષો, પોતાની લાભદાયક પરિસ્થિતિ વિશે, થોડીક મિથ્યા આપવડાઈની લાગણી સેવે છે અને એ લોકો, સ્ત્રીની જે આ દેખીતી રીતની નિર્બળતા કહેવાય છે તેને લઈને સ્ત્રીઓ પ્રત્યે તિરસ્કારની લાગણી સેવે છે, પરંતુ જેમ એક ઠેકાણે યોગ્ય રીતે જ કહેવામાં આવેલું કે, 'પુરુષને જે ફાવે તે એ ભલે કરે, છતાં અતિમાનવનો જન્મ તો સ્ત્રી વડે જ થવાનો છે.'

અતિમાનવનો જન્મ સ્ત્રીઓ દ્વારા જ થવાનો છે, એ તો એક અપરિહાર્ય સત્ય છે, પરંતુ એ સત્ય હકીકતને કારણે આપણે કેવળ મગરૂર બની રહીએ, તેટલા માત્રથી ચાલશે નહિ. આપણે અતિમાનવના સર્જનની ઘટનાના સાચા અર્થને સમજવો પડશે. એને લઈને આપણા ઉપર જે જવાબદારી આવે છે તેના વિશે સભાન થવું પડશે અને આપણી સમક્ષ આ જે મહાન કાર્ય મૂકવામાં આવ્યું છે, તેને ખરા અંતરથી પાર પાડતાં શીખવું જોઈએ.

**લગ્નજીવન અંગે :-**

તમારા ભૌતિક જીવનને, તમારી મુશ્કેલીઓ અને સફળતા તથા નિષ્ફળતાઓનો સામનો કરવા માટે ભાગીદાર બનવું તે લગ્ન માટેનો પાયો છે, પરંતુ એટલું જ પૂરતું નથી. તમારી લાગણીઓમાં એકતા પ્રાપ્ત કરવા માટે, એક જ પ્રકારના કલાત્મક રસ અને આનંદ હોવા—એકબીજાની મારફતે અને એકબીજાને માટે હોવા તે સારું છે અને જરૂરી પણ છે. એનાથીયે આગળ તમારી ઊંડાણની લાગણીઓમાં એક રહેવું, જીવનમાં ગમે તેટલા ફટકાઓ પડે તેમ છતાં ફેરફાર પામ્યા સિવાય એકબીજા માટે લાગણી અને કોમળતા રાખવી અને દરેક કંટાળો, ગુસ્સો અને નિરાશાની સામે ટકી રહેવું, સતત અને દરેક પ્રસંગે સુખી રહેવું, સાથે જ રહેવું, દરેક સંજોગોમાં એકબીજામાં સ્થિરતા, શાંતિ અને આનંદ રાખવો તે સારું છે અને અનિવાર્ય છે.

આ બધાની પેલે પાર... એક જ ગતિએ એક જ આધ્યાત્મિક માર્ગ ઉપર આગળ ધપવું, તે એ શાશ્વત ઐક્યનું ગુપ્ત રહસ્ય છે.

'પ્રભુઅર્પણ', ફેબ્રુ.,૧૯માંથી સાભાર, પૃ.૧૯ ❏

# (૪) સૂર્યોપાસના

પાંડુરંગ શાસ્ત્રીજી

સૂર્ય એ ફક્ત આકાશમાંનો જડ ગોળો નથી, પરંતુ વિશ્વનો, જીવમાત્રનો પ્રાણ છે. એ પ્રચંડ તેજનો ગોળો તો સમગ્ર સૃષ્ટિની ધારણા છે, વનસ્પતિનો આધાર છે. તેના વગર જીવનનો વિચાર જ અસહ્ય છે. સૂર્ય વગર જીવન સંભવી જ શકતું નથી. સમગ્ર સંસાર તેનો ઋણી છે. ઋગ્વેદનું સૂત્ર છે કે 'સૂર્ય એ સ્થાવર જંગમ સૃષ્ટિનો આત્મા છે.'

માનસશાસ્ત્રનો નિયમ છે કે માનવ જેનું ચિંતન કરે છે તેવો તે થાય છે. આપણા પૂર્વજોએ તેજ પુંજ સહસ્ર-રશ્મિની ઉપાસના કરી અને પોતાનું જીવન તેજસ્વી તેમ જ પ્રતિભાસંપન્ન બનાવ્યું.

સૂર્ય એ માનવનો મિત્ર છે. તેથી ઋષિઓએ તે પ્રકારે તેની વંદના કરી છે. **પાપમાં જે છોડાવે અને હિતકારક કાર્યમાં જે જોડે તે સાચો મિત્ર છે.** વળી, સૂર્ય, ભગવાનની આંખ છે. જેની મારફતે ભગવાન આપણા બધા જ જીવન વ્યવહારો નિહાળે છે. આ સમજણથી પણ માનવ પાપ કરતો અટકે છે. જૂના કાળમાં લોકો પોતાનાં ઘણાં કાર્યો સૂર્યની સાક્ષીએ કરતા હતા.

સૂર્ય ઊગતાં જ માનવ કર્મપ્રવૃત્ત બને છે, એ રીતે માનવને આળસ અને પ્રમાદ પાપમાંથી છોડાવી હિતકારી કર્મયોગમાં જોડનાર સૂર્ય અનુપમ મિત્ર છે. સૂર્ય આપણને વીજળીના ગોળાની માફક માત્ર પ્રકાશ જ નથી આપતો પરંતુ તેજ, ઉષ્મા, ઊર્જા અને જીવન પણ આપે છે. તેથી જ ઋષિમુનિઓએ તેને 'સૂર્યનારાયણ ભગવાન' કહીને બિરદાવ્યો છે. આપણા શરીરમાં ૯૮.૪ ડિગ્રી ઉષ્ણતા પણ સૂર્યને આભારી છે. સૂર્ય પૃથ્વીને ઘણું બધું આપે છે. સાથોસાથ પૃથ્વી પાસેથી પાણી લઈ તેને મીઠું બનાવીને વરસાદ વરસાવે છે. લેવું અને આપવું એ ગૌરવપ્રદ છે.

સૂર્ય મહાન કર્મયોગી છે. કર્મયોગી સાધનોની પરિમિતતા પર રડતો નથી. મહાપુરુષોની કાર્યસિદ્ધિ તેમના સત્ત્વ પર નિર્ભર છે, નહિ કે સાધનો પર. સૂર્યની નિયમિતતા વિશ્વમાં અજોડ છે. એકક્ષણના પણ ફેરફાર વિના તેના ઉદય અને અસ્ત ઉપરથી, કાળની ગણના થાય છે. સમયને સાચવનારને સમય સાચવે છે. મહાપુરુષો પોતાનાં કાર્યનો યશ બીજાને આપે છે. સવારના પહેલા પ્રકાશનો યશ સૂર્ય તેના સારથિ અરુણને આપે છે. અરુણોદય થયા પછી જ સૂર્યોદય થાય છે.

સૂર્યોપાસનાથી આપણા વ્યક્તિત્વનો સંપૂર્ણ વિકાસ થાય છે. શરીરથી સ્વસ્થ, મનથી સમ અને બુદ્ધિથી સજાગ બનીએ છીએ. શરીરને ખડતલ બનાવવા માટે સૂર્યનમસ્કાર—એ સૂર્યની ઉપાસનાની સાથે થતો વ્યાયામનો એક પ્રકાર છે. તેના લીધે શરીરના પ્રત્યેક અંગ-ઉપાંગને વ્યાયામ મળે છે.

સૂર્ય, ઉદય સમયે અને અસ્ત સમયે રક્તવર્ણી જ હોય છે. મહાપુરુષો પણ સુખમાં કે દુઃખમાં, ચડતીપડતીમાં માનસિક સ્થિરતા જાળવી રાખે છે. અવિરત કર્મયોગમાં રત સૂર્ય કોઈની અપેક્ષા કે ઉપેક્ષા કરતો નથી. બુદ્ધિ તેજસ્વી બને એ માટે ગાયત્રીમંત્રને ઋષિઓએ જીવનનો ઉપાસના મંત્ર બનાવ્યો છે. સૂર્યના ઉપકારોને યાદ કરી આપણે તેનાં ચરણોમાં ભાવવંદના કરવી જોઈએ, પણ આજે તો સૂર્યપૂજન મહદઅંશે સ્ત્રીવર્ગ પૂરતું મર્યાદિત રહ્યું છે. 'સૂર્યપૂજાને વ્યક્તિના તેમ જ સમાજના જીવનમાં ફરીથી નવપલ્લવિત કરી માનવને જીવંત તેમ જ પ્રાણવાન બનાવવો રહ્યો.'

'સંસ્કૃતિ-પૂજન', ૨૧મી આ., પૃ.૩૨૫ ❑

# (૫) સુખમાં પડતી, દુઃખમાં ચડતી

**શ્રીમોટા**

સુખદુઃખ એ બે જોડકાં છે. એકબીજાથી વિખૂટાં નથી. સુખદુઃખ, પાપપુણ્ય આ બધાં જોડકાં છે. એક હોય એટલે બીજું હોય જ. દુઃખ હોય તો સાથે સુખ છે જ. સુખ તે વખતે આપણે જોતાં નથી એ દુઃખનું કારણ છે. દુઃખ તો છે જ. અને જો દુઃખ નથી તો સુખ પણ નથી. ઘણા લોકો સુખમાં આળોટે, એમને પણ દુઃખ છે. એ દુઃખ છુપાયેલું છે. એ છતું થશે ત્યારે એમને ભારે પડશે, કારણ કે એ બિચારા ટેવાયેલા જ ના હોય. એ ટેવાયેલા ના હોય એટલે એમને ભારે થઈ પડે. જે દુઃખથી ટેવાયેલા હોય અને દુઃખથી ટેવાઈને સુખમાં રહે તે ગમે તે સ્થિતિમાં આનંદમાં રહી શકે, પણ લોકો એવી રીતે જીવન જીવતા નથી. બાકી એકલું દુઃખ છે એમ પણ નથી અને એકલું સુખ છે તેમ પણ નથી. બેઉ જોડાજોડ એકસરખાં એકબીજામાં ભેળસેળ-ભળેલાં છે.

હવે, દુઃખ શાથી છે ? એમ પ્રશ્ન કરીએ તો એ જુદી વાત છે. દુઃખ વિના કશાની ઉત્પત્તિ નથી. તમે જુઓ, અનાજ શેનાથી ઊગે છે ? એટલે કહું છું કે જેના વડે કરીને આપણે જીવીએ છીએ તેની જ વાત કરો. મહેનત વિના ઊગે છે ? દુઃખ વિના ઊગે છે ?—આપણો સંસાર, પરિવાર એ પણ પ્રથમ તો દુઃખ પડે પછી એમને જોઈને રમાડવા કરવામાં આપણને સુખ લાગે, પણ પછી ઘણી વખત ઘણાં માબાપો એમનાં (સંતાનો) વિશે દુઃખ જ અનુભવે છે. એટલે સુખ અને દુઃખ બન્ને જોડાજોડ છે. દુઃખનો ભાર આ દુનિયામાં વિશેષ છે. સુખમાં ભલે સુખ લાગતું હોય, પણ દુઃખ આ દુનિયામાં ઘણું વિશેષ છે. અને દુઃખથી જ આ દુનિયા ચાલે છે. દુનિયા દુઃખથી ચાલે છે એટલું જ નહિ પણ દુઃખથી દુનિયા નભે છે. કોઈકને એ જરા વધારે પડતું સ્ટેટમેન્ટ (વિધાન) લાગે, પણ જો ઊંડું વિચારો તો દુઃખ વડે કરીને મિલોમાં—કારખાનાંમાં કેટલું બધું ઉત્પાદન થાય છે. બીજે બધે ઠેકાણે જે ચાલે તે ગાડીઓ ચાલે, મોટરો ચાલે, ટ્રાન્સપોર્ટ બસો ચાલે. એ બધે જ્યાં જુઓ ત્યાં બધે સુખ જ છે એવું કંઈ નથી. દુઃખ છે જ. દુઃખ પ્રીડોમીડન્ટ (મોખરે) છે. એમ છતાં દુઃખમાં કોઈ જીવને રાચવું ગમતું નથી.

માનવીની મનોદશા આજ કે કાલ બદલાશે, બદલાવાની છે એ વાત ચોક્કસ. દુઃખ આવશે ત્યારે એ રાજી થશે કે હવે આપણું કલ્યાણ થયું. એવી રીતે દુઃખમાં જ્યારે માણસ જીવે છે, એ દુઃખ એને કલ્યાણરૂપ થઈ જાય છે, પણ એવા થોડા માણસો હોય છે જે દુઃખને જ માને છે એને માટે દુઃખ વધારે છે. જે દુઃખને સુખના સાથીદારરૂપ માને છે તેને એ દુઃખ સુખ કરતાં પણ ચડી જાય છે એ વાત પણ નિશ્ચિત છે. ઘણા લોકોની અનુભવેલી વાત છે. મેં કેટલાય ભક્ત લોકોને જોયેલા છે. દુઃખ તો છે, છે ને છે જ, તે આવવાનું જ. ગમે ત્યારે-પળ જોઈને જ બેઠું છે ! મતલબ કે આવવાનું જ. આપણી સાથે ને સાથે જ છે અને સુખ પણ આપણી સાથે ને સાથે જ છે. માત્ર માનવામાં જ ફરક છે. ઘણાંને દુઃખ આવતાં હશે. એ દુઃખ આવે ત્યારે આપણે આપણા માનસને સમજાવીએ. મારે માથે પણ ઘણાં દુઃખો આવ્યાં છે, પણ કોઈ દિવસ મેં રોદણાં રડ્યાં નથી. દુઃખ ભગવાનના આશીર્વાદ છે. મેં તો એમ માન્યું છે. મેં **'દુઃખ'** ઉપર કવિતા લખી છે.

મારા મિત્ર (વજુભાઈ જાની) હતા. એ એમ.એ. થયેલા. એ એડ્યુકેશન ઈન્સ્પેક્ટર

થયા. એને બિચારાને કેન્સર થયું. સારવાર છતાં કેન્સરમાં બિચારો ગુજરી ગયો. એનું જ્ઞાન છે તે મરતી વખતે એને ખપમાં આવ્યું. એને સાચે રસ્તે જતાં પણ બહુ દુઃખ આવી પડ્યું. એ એટલો બધો સાચો કે કેન્સરનું દુઃખ તો અલાયદું ગણો, પણ એના પર આરોપ આવ્યો કે એણે લાંચ લીધી છે. એ એટલો બધો પવિત્ર માણસ કે કોઈનો પૈસો લે નહિ. પછી તો એ આરોપ પુરવાર થયો નહિ. અને કંઈ ના થયું. મતલબ કે સુખ અને દુઃખ આપણી સાથે ને સાથે જ છે. ગમે ત્યારે દુઃખ બહાર આવે અને ગમે ત્યારે સુખ બહાર તરી આવે. માટે જો આપણે બુદ્ધિથી નિશ્ચય કરી રાખીએ કે જેમ સૂરજ કે ચંદ્ર છે અને જેમ દિવસ અને રાત્રિ છે-એની જેમ આપણને ખાતરી છે તેવી આની પણ આપણને ખાતરી થઈ જાય કે સુખ પણ છે ને દુઃખ પણ છે. એટલે સુખમાં જેટલા રાચો છો તેટલા દુઃખમાં પણ રાચો. ત્યારે એ તો પંચાત છે. આ માટે ટ્રેઈનિંગ (તાલીમ) જોઈશે. દુઃખ આવે ત્યારે રાચો.

પૈસાદારો હોય, જેની પાસે સારી મિલકત છે તેને દુઃખ નથી આવતું એમ નથી. તેનેય દુઃખ આવે છે. તેને ગરીબો કરતાં જુદી જાતનાં દુઃખ હોય છે, પણ એનેય દુઃખ આવે છે. તે વખતે એ દુઃખમાં ડૂબી જાય છે. તે વખતે દુઃખમાં એવી રીતે રાચો કે આ દુઃખ મારા ઉદ્ધારને માટે છે. 'દુઃખ' ઉપરના મારા કાવ્યમાં મેં લખ્યું છે કે દુઃખ આશીર્વાદ છે. ઘણાં ઘણાં કારણો સમજાવીને ઘણું બધું દુઃખ પર લખ્યું છે. જેથી માણસ સાચી રીતે સમજે. આમ વાંચે તો સારું લાગે, પણ જો માથે દુઃખ આવી પડે તો કેવી રીતે વર્તીએ છીએ ? કેવું માનસ રહે છે ? કેવા આનંદમાં રહીએ છીએ ? ત્યારે સમજણ પડે, પણ દુઃખ વિના ચડતી નથી. સુખમાં કોઈ દિવસ માણસ ચડે નહિ. સુખમાં માણસ પડે. સુખમાં માણસની પડતી થાય તો કહે કે 'પૈસા વધારે કમાય છે તો કેવી રીતે પડતી થાય ?'

**સુખમાં માણસનાં મનાદિકરણની પડતી થાય.** કોઈક સદ્ભાગી જીવ હોય તો તેની વાત જુદી છે. બાકી, સામાન્ય રીતે સુખમાં મનાદિકરણ ઉચ્ચ ભાવનામાં રાચતાં નથી એટલી વાત ચોક્કસ.

સાચા માણસોને પણ જગતમાં દુઃખ આવે છે. આપણે તો અન્યાય કર્યો નથી. કંઈ કોઈનું કશું બગાડ્યું નથી, કંઈ આડુંઅવળું કર્યું નથી, ખોટું કામ કર્યું નથી, ખોટું વિચાર્યું નથી તો દુઃખ કેમ ? એમ થાય. પણ હરિશ્ચંદ્ર જેવો સાચો રાજા, એનેય દુઃખ આવ્યું. રાજા રામચંદ્રને દુઃખ આવ્યું. કૃષ્ણ ભગવાનને દુઃખ આવ્યું. દુઃખ વિના કોઈ બાકી નથી. બધાંને દુઃખ આવવાનું તો નિશ્ચિત છે, તો તેને આપણે વધાવી લઈએ. નિશ્ચિતને વધાવી લેવું અને નિશ્ચિતને રાજી રહીને સ્વીકારીએ એમાં આપણો વિકાસ છે. આપણે દબાઈ નહિ જઈએ. આપણે ઊંચે જઈશું. દુઃખ વખતે માણસે વધારે ટટારી અને વધારે ખુમારી રાખવી જોઈએ. સુખ વખતે નહિ રાખો તો ચાલશે. સુખમાં સરી પડાય છે એની ખબર નથી. સુખમાં માણસ સરી પડે છે. દુઃખમાં માણસ ધારે તોપણ ના સરી પડે. દુઃખમાં ઘણો ઊંચો ચડી શકે છે. એટલે સુખ કરતાં દુઃખ આવકારદાયક છે, જીવનના વિકાસને માટે આવકારદાયક છે અને એ ઓછા લોકો સમજે છે. દુઃખ એ જીવનના વિકાસ માટે જરૂરી છે. સુખમાં તમારું પતન થાય છે, પણ દુઃખમાં તમે ઊંચા ચાલશો તો તમે ઊંચે ચડી શકશો.

'જોડાજોડ' પ્ર. આ; પૃ. ૪૦ ❑

# (૬) શ્રીજીમહારાજ અને દાદા ખાચર : (૩)

સં. પ્રભુદાસ જાની

(૧)

એક વખત શ્રીજીમહારાજે દાદા ખાચરને કહ્યું, 'દાદા, અમને આ ઓરડામાં નથી ફાવતું. તમે જે ઓરડામાં રહો છો, એ ખાલી કરી આપો. અમારે ત્યાં રહેવું છે.'

મહારાજની આજ્ઞા થતાં જ દાદા કહે, 'ભલે મહારાજ' અને તરત જ ઓરડા ખાલી કરાવી દીધા. થોડી જ વારમાં બધો સામાન ગોઠવાઈ ગયો.

થોડા દિવસ મહારાજ દાદાના ઓરડામાં રહ્યા અને પછી ફરીથી દાદાને બોલાવ્યા અને કહ્યું, 'દાદા, અમને તો અહીં પણ ફાવતું નથી, અમારે તો જ્યાં હતા ત્યાં જ રહેવું છે.' આ સાંભળતાં જ દાદા ખાચરના મુખારવિંદ પર કોઈ ભાવફેર નથી થતો અને તરત જ ઓરડાનો સામાન ફેરવાવી દે છે.

શ્રીજીમહારાજ થોડા દિવસ એ ઓરડામાં રહે છે અને ફરીથી રહેવાની ના પાડે છે. આમ, મહાપ્રભુએ અવારનવાર લીલા કરવા માંડી. શ્રીજીમહારાજે આ રીતે સાતઆઠ વખત ઓરડા બદલાવ્યા અને સામાન ફેરવાવ્યો. છતાં એક પણ વાર દાદા ખાચરને વિચાર ન ઊઠ્યો કે મહારાજ કેમ આવું કરે છે ?

'હરિચરિત્ર ચિંતામણિ'માં આલેખ્યું છે કે શ્રીજીમહારાજ બોલ્યા, 'અમે એમના (દાદા ખાચરના) ઉતારા નથી ફેરવતા. અમે તો એમના અંતઃકરણને જોઈએ છીએ. અમે, જેમ જેમ વચન કહેતા ગયા તેમ તેમ નિઃસંશય તે કરતા ગયા. અને હું તો ઠરાવ છોડાવવાવાળો છું. અમને કોઈ એક દિવસ પણ સત્સંગમાં રાખી શકે તેમ નથી. પણ રાજબાઈ, જીવુબાઈ, લાડુબાઈ, દાદા ખાચર અને એમના ઘરના મનુષ્યો—તેમણે કોઈ દિવસ અમારાં વચનમાં સંશય કર્યો નથી. એવા નિઃસંશય ભક્તોની ભક્તિને વશ થઈને અમે અહીં ટક્યા છીએ.'

(૨)

દાદા ખાચરના દરબારને વિશે ઉગમણે બારના ઓરડા અને આથમણા બારના એમ ઘણા ઓરડા હતા. છતાં એક દિવસ શ્રીજીમહારાજે દાદા ખાચરને કહ્યું, 'દાદા, અમારે નવા ત્રણ ઓરડા બનાવવા છે. તે ક્યાં બનાવીશું ?' દાદા ખાચરે હાથ જોડી કહ્યું, 'દયાળુ આ આખો દરબાર પડ્યો છે. એ તમારો જ છે. આપ કહો ત્યાં નવા ઓરડાઓનું કામ શરૂ કરી દઈએ.'

શ્રીજીમહારાજે પોતાની પ્રસન્નતાને કળવા દીધા વિના કહ્યું, 'જુઓ, આ જગ્યાએ અને આટલા માપના ત્રણ ઓરડા બનાવી રાખજો. અમે વિચરણ કરી પાછા આવીશું ત્યારે ઓરડા જોઈ લઈશું.' દાદા ખાચર કહે, 'ભલે મહારાજ, આપ વિચરણ કરી પાછા આવશો ત્યાં સુધીમાં આપે જણાવ્યા પ્રમાણેના માપના ઓરડા તૈયાર કરી દઈશું.'

થોડા સમય બાદ મહાપ્રભુ વિચરણ કરી, ગઢપુર દાદા ખાચરના દરબારમાં પધાર્યા. દાદા ખાચરે હરખાતા હૈયે આવીને મહાપ્રભુને પ્રાર્થનાપૂર્વક કહ્યું કે, 'આપના કહેવા મુજબના ઓરડા તૈયાર થઈ ગયા છે. આપ ઓરડા જોઈ લો કે બધું બરાબર છેને !'

શ્રીજીમહારાજ ઓરડા જોવા પધાર્યા છે. તૈયાર ઓરડા જોઈ વળ્યા. પછી કહ્યું, 'દાદા ખાચર,

**અનુસંધાન પાન. ૨૫ ઉપર**

## (૭) જ્ઞાન-કર્મ-ભક્તિનો ત્રિવેણીસંગમ

**શ્રી રવિશંકર મહારાજ**

જીવનમાં જ્ઞાન, કર્મ અને ભક્તિનો ત્રિવેણીસંગમ થવો જોઈએ. જીવનમાં આપણને એ ત્રણેયની જરૂર પડે છે. એ ત્રણમાંથી એક પણ ન હોય તો જીવન એટલું અધૂરું રહે. આપણે ત્યાં જુદે જુદે કાળે આ ત્રણમાંથી એક ઉપર વિશેષ ભાર મુકાયો હોય એવું જોવા મળે છે. જે તે વખતની પરિસ્થિતિમાં કદાચ એ જરૂરી પણ હશે, પરંતુ જીવનને સંપૂર્ણ બનાવવું હોય તો આ ત્રણેય ચીજની અવશ્ય જરૂર પડે છે. એ ત્રણેય રસાયણના મિશ્રણથી જ જીવન સભર બને છે.

### જ્ઞાન વિનાનું કર્મ જડ બની જાય

કામ કર્યા વિના કોઈનેય ચાલતું નથી. દરેકે દરેક માણસે કાંઈ ને કાંઈ કર્મ કરવું જ પડે છે, પણ જ્ઞાન વિનાનું કર્મ જડ બની જાય છે. જ્ઞાન વિના કર્મ દીપી ઊઠતું નથી. માણસ માત્ર ઢસરડો કર્યા કરે તેનાથી શું વળે ? પોતે જે કાંઈ કરે તે એણે જ્ઞાનપૂર્વક કરવું જોઈએ. વળી, કેટલાક બીજાનું જોઈ જોઈ કામ કર્યે રાખે છે, પણ તેઓ લાંબો સમય ટકી શકતા નથી. કાંઈ મુશ્કેલી આવતાં તેઓ પાછા પડે છે, કારણ કે તેઓ પોતાના પગ ઉપર ઊભા નથી. જ્યારે સ્વયંસ્ફૂર્તિથી જ્ઞાનપૂર્વક કામ કરતો માણસ મુસીબતો વખતે પણ તૂટતો નથી. જ્ઞાન વિનાનું કર્મ ઘણી વાર વ્યક્તિને તેમ જ સમાજને નુકસાન પણ કરી બેસે છે, પણ જ્ઞાન સાથે કરેલું કર્મ ઉત્તમ થાય છે અને તેમાં વળી જો પ્રેમ ઉમેરાય તો તે કામ અતિ ઉત્તમ થાય છે. પ્રેમ એટલે ભક્તિ. ભક્તિ વિનાનું કામ વેઠરૂપ બને છે. કર્મમાં ભક્તિ ઉમેરાય છે તો કામનો કંટાળો નથી આવતો. થાક નથી લાગતો.

### ભક્તિ વિનાનું જ્ઞાન લૂખું છે

જ્ઞાન, કર્મ કરવામાં કુશળતા લાવી આપે છે, પણ એકલા જ્ઞાનમાં સમજ છે, બળ નથી. શ્રદ્ધા હોય, ભક્તિ હોય, ઇંદ્રિયો પર સંયમ હોય તો જ બળ આવે. શુષ્ક જ્ઞાન વડે પંડિત થવાય. પંડિતો પોતે ચર્ચાઓ અને વાદવિવાદો ઘણા કરી જાણે પણ ભક્તો જેટલું બળ એમનામાં ન આવે. ગાંધી-વિનોબાની ગણના ભક્તોમાં કરવી જોઈએ. એમને જે કાંઈ જ્ઞાન થયું તે પણ એમણે ભક્તિપૂર્વક પચાવેલું છે. વિનોબાના શરીરમાં આમ તો શું છે ? છતાં એ મુઠ્ઠીભર હાડકાંનો માનવી એકધારો કેટકેટલું કામ કરે છે ! આ ભક્તિના પ્રતાપે મીરાંબાઈ, તુલસીદાસ, નરસિંહ મહેતા, રામદાસ સ્વામી, એ બધાં શું પંડિતો હતા ? એમને શાસ્ત્રાર્થ કરવા બેસાડ્યા હોય તો કદાચ પાછા પડે. ત્યારે શેના જોરે તેઓ પોતાના ઉપરની અનેક આપત્તિઓનો હસતે મોઢે સામનો કરી શક્યા ? એમના જીવનમાં જે તેજ પ્રગટ્યું તે કોના પ્રતાપે ? એ ભક્તિની તાકાત હતી. વેદ-ઉપનિષદો ભણવાથીયે એ તાકાત નથી આવતી.

પંડિતોએ શાસ્ત્રાર્થ કર્યા હશે, વાદ-વિવાદ કર્યા હશે, પણ કોઈ ધર્મગ્રંથમાં એમને મોક્ષ મળ્યો હોય એવું સાંભળ્યું નથી. જ્યારે ભક્તિમાર્ગીઓ કેટલાયે મોક્ષના અધિકારી બન્યા છે. એટલે જે જ્ઞાનમાં ભક્તિ ભળેલી ન હોય તે એટલું ઉપયોગી નથી બનતું. પ્રેમ વિનાનું, ભક્તિ વિનાનું જ્ઞાન લૂખું રહે છે. જ્ઞાન તો ભક્તિથી તરબોળ હોવું જોઈએ. ભક્તિપૂર્વક જ્ઞાન જ માણસને તારનારું સાબિત થશે.

## ભક્તિની વરાળને ઊડી જવા ન દેશો

હવે, ભક્તિ એટલે માત્ર ભજન કર્યા કરવું એમ નહિ, પણ ભગવાનના ગુણોનું સેવન કરવું, તે મુજબ આચરણ કરવું. ભક્તિની શક્તિ અપાર છે, પણ તે વરાળ જેવી છે. વરાળને જો ઊડી જવા દઈએ તો તે કાંઈ કામ ન આવે, પણ એ વરાળને સંઘરીને તેને યોગ્ય ઉપયોગમાં લેવામાં આવે તો જ તે કામની. એવી રીતે સંઘરી રાખેલી વરાળમાંથી પુષ્કળ શક્તિ પેદા થાય છે. એ વરાળની શક્તિથી મોટું ઍંજિન ચાલે છે અને તે ડબ્બાના ડબ્બા ખેંચી જાય છે, પણ એ વરાળને જો બહાર નીકળી જવા દેવામાં આવે તો તેમાં કશી શક્તિ રહેતી નથી.

## ભક્તિના પોતમાંનાં ત્રણ કાણાં

આપણે ત્યાં ભક્તિ તો ઘણી છે પણ તેની ઝાઝી શક્તિ દેખાતી નથી, કારણ કે તેમાં ત્રણ કાણાં પડ્યાં છે. એ ત્રણ કાણાં વાટે ભક્તિની બધી શક્તિ જતી રહે છે અને તેથી તેનું બળ ઓછું થઈ જાય છે, આમાંનું પહેલું કાણું છે ગાવું. બસ રાતોની રાત ભજન ગાયા કરે, મંજીરા ને કરતાલ વગાડ્યા કરે. ભજન-કીર્તન કરવું એ સારી ચીજ છે, પણ તેમાંયે કાંઈક વિવેક તો હોવો જોઈએને ! આખો વખત શું ભજન જ ગાયા કરવાનું ? વૈષ્ણવ-જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે... પણ પીડ પરાઈ એમ ગાવાનું જ, કશું કરવાનું નહિ હોં કે ! આખી રાત ભજન કર્યા કરવાનું અને સવારે ઊઠીને ઘેર જવાનું. હમણાંના વિદ્યાર્થીઓ જેમ બધું જ બોલવામાં ને લખવામાં, બાકી વ્યવહારમાં મીંડું. તેથી આ ભજનોમાં તાકાત નથી આવતી. **તાકાત શબ્દોમાં નથી હોતી, ક્રિયામાં હોય છે.**

બીજું કાણું છે રડવું. 'અરેરે ભગવાન, આ દુનિયા પર કેટલાં દુઃખો છે ! આવડો મોટો ધરતીકંપ થયો, નદીમાં ઘોડાપૂર આવ્યું, બિચારા હજારો જીવો તણાઈ ગયા.' પણ આ બધું શબ્દોમાં જ હોં કે ! આમ, આખો વખત રડવાનું, પણ કોઈનું દુઃખ દૂર કરવાનો લગીરે પ્રયત્ન નહિ કરવાનો. આવી ક્રિયાશૂન્યતાને કારણે એમના રડવામાં તાકાત નથી આવતી. ભક્તિની શક્તિ સંઘરાયા વિના ઊડી ગઈ.

ત્રીજું કાણું છે પ્રદર્શન, દેખાડો. કપાળે ટીલાં ટપકાં કરવાનાં, હાથમાં માળા ફેરવવાની, પગે જાત્રા કરવાની, ઊંધા મોંએ ઊભા રહેવાનું, ઠંડા પાણીએ નાહવાનું, કોઈને અડકવાનું નહિ, મરજાદ પાળવાની, વગેરે આવા બાહ્ય દેખાડાઓથીયે ભક્તિની તાકાત ઓછી થઈ જાય છે.

## પૂર્ણતા માટે ત્રણેયની જરૂર છે

હવે, સામાન્ય રીતે અજ્ઞાની લોકો આવાં બાહ્ય લક્ષણોને જ ભક્તિ માની બેસે છે, પણ તે ભક્તિ નથી, ઊલટાની વિકૃતિઓ છે. આ ત્રણ કાણાં જો પુરાઈ જાય તો ભક્તિની શક્તિનો દુરુપયોગ બંધ થાય અને તેની શક્તિ સાચા માર્ગે કામમાં આવે. જ્ઞાન અને કર્મ દેખાય પણ ભક્તિ કાંઈ દેખાય નહિ, અને એ દેખાવી પણ ન જોઈએ. પ્રેમ કાંઈ પ્રદર્શનની વસ્તુ નથી.ક્રિયામાં એને વ્યક્ત થયેલો લોકો ભલે જુએ. આમ, ભક્તિમાંયે જ્ઞાન અને કર્મ અવશ્ય ભળવાં જોઈએ. છેવટે ઉત્તમ કાર્ય જ્ઞાન, કર્મ અને ભક્તિના ત્રિવેણીસંગમમાંથી જ નીપજે છે. આવા ત્રિવેણીસંગમ વિના જીવન પૂર્ણ થતું નથી.

'સંતની મંગલવાણી' આ.૪, પૃ.૩૨ (સંપાદન-હરિશ્ચંદ્ર) ❑

## (૮) શ્રીનર્મદા પરિક્રમા : અનુભવ અને ચિંતન

**સ્વામી પ્રેમાનંદજી**

અમારી પરિક્રમામાં ઝાડેશ્વર, છાવલી થઈ. તવરા પહોંચ્યા. અહીં એક શ્રીમંતના ઘરે સદાવ્રત મળે છે. અમે તે લેવા ગયા. 'નર્મદે હર'નો પોકાર સાંભળી એક જુવાન છોકરી દરવાજે આવી. પાછી વળતાં બબડતી ગઈ, 'આવા ને આવા હાલ્યા આવે છે...ભલે ઊભા ! થોડા બીજા આવે ત્યારે બધાને સાથે દઈશું.' એ શબ્દો સાંભળી અમે વળતા પગ કર્યા ને ધર્મશાળામાં જઈ સૂઈ રહ્યા.

આગળ જતાં શુક્લતીર્થ આવે છે. ગુજરાતના પ્રસિદ્ધ તીર્થોમાંથી આ એક છે. માતાજીનો પ્રવાહ સામે કિનારે વહેતો હોવાથી સ્નાન સંધ્યા માટે ખૂબ ચાલવું પડે છે. આગળ વધતાં અંગારેશ્વર ગામે મંગલનાથ મહાદેવનું જૂનું જીર્ણ થયેલ મંદિર છે. અસા ગામે દગડ મહારાજના આશ્રમે તપોભૂમિ 'મઢી'થી આગળ ચાલતાં જનોર ગામ છે. સામે કિનારે ભાલોદ છે. નર્મદાજીનો પ્રવાહ 'યુ' આકાર વહે છે. આગળ આવે છે મોટી કોરલ. અહીં સંત પુનિત મહારાજનો આશ્રમ છે. આ જગ્યાએ શ્રી નિર્મળ કૃપાલુજી રહેતા હતા. તેઓ વિરક્ત હતા અને મરતી વખતે કહી ગયેલા કે મારી આ ઝૂંપડી પણ પાડી નાખશો. મારી પાછળ કોઈ ચિહ્ન ઊભું કરશો નહિ.

શ્રીરંગ અવધૂતજીના નારેશ્વર આશ્રમે અમે પહોંચ્યા. ઘેઘૂર લીમડાઓ વચ્ચે સ્વચ્છતાભર્યો આશ્રમ છે. આગળ દીવેલા ગામે નર્મદાજીનો પ્રવાહ ખૂબ જ પહોળો છે. માંડ કમર સુધી પાણી હોવાથી નાહવાની બહુ મજા આવે એવું છે. ત્યાંથી માલસર પહોંચતાં બેસુમાર ગોખરુંના કારણે ઉઘાડે પગે ચાલતાં આંખે પાણી આવી જતાં. માલસરના પૂર્વપરિચિત શ્રીસત્યનારાયણજીના મંદિરે આરામ કર્યો. તે પછી તપોવનમાં મારા પરમ પૂજ્ય દાદા ગુરુ શ્રીરામાનંદજીના સ્થાને રોકાયા. પાસે જ ભગવાન કોટેશ્વર મહાદેવનું મંદિર છે. પુરાણો એક ખખડધજ પીપળો છે.

માલસરથી આડે રસ્તે શિનોર ગામ તાલુકામથક છે. સામે કિનારે સિસોદ્રા ગામ છે. હવે ભગવાનશ્રી દત્તાત્રયજીનાં માતાજી અનસૂયાજીનું મંદિર આવે છે. આગળ બદરિકાશ્રમની સંસ્થા છે જે મુંબઈ પારલા સંન્યાસ આશ્રમ ચલાવે છે. બપોર પછી આગળ વધતાં પ્રસિદ્ધ ચાંદોદ કરનાળી તીર્થભૂમિ આવી. આ સ્થળ ગુજરાતનું ગયા ગણાય છે. સામે કાંઠે પોપચા છે. ઓર સંગમ વટાવી અમે કરનાળીમાં શ્રી શાંતવનજીના આશ્રમે પહોંચ્યા. તેઓ ગાયત્રીના ઉપાસક છે. મંત્રજાપ ઉપર અહીં ભાર મુકાય છે. સ્વચ્છતા અને નિયમિતતા સાથે સરસ આશ્રમ છે. અહીંથી અમારા સાથી નવીનભાઈ આગળની યાત્રા માટે તૈયાર ન હોઈ છૂટા પડ્યા એનું અમને દુઃખ હતું પણ નિરુપાય હતા. તેઓ મુંબઈ પરત ગયા. અમે પાંચમાંથી ચાર થયા. નક્કી કરાયા મુજબ હવે મનસુખનો સામાન મારે ઊંચકવાનો હતો.

કુબેરભંડારીનાં દર્શન કર્યાં. ખૂબ ઊંચાઈ પર મંદિર છે. પાસે જ તિલકવાડા ગામ છે. બપોરના લટાર મારવા હું ગામમાં ગયો. કુંભારોના ચાકડા ફરતા જોયા. માટીમાંથી સુંદર વિવિધ ઘાટ અપાતા હતા. આપણને લાગે કે કુંભાર માટલાને ટીપે છે પણ અંદર બીજો હાથ રાખી આધાર આપતો હોય છે. ખરેખર ગુરુ મહારાજ પણ શિષ્યને સારું શિક્ષણ આપવા લાકડીથી તાડન કરે છે પણ બીજી તરફ પૂર્ણ મમતાનો ભાવ રાખે છે. તેનાથી જીવનું કલ્યાણ થતું હોય છે.

'શ્રીનર્મદામૈયાની પરિક્રમા' બી.આ.પૃ.૩૧૧ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ (તા.૨૬-૧-૨૦૧૭ સુધીની) -સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | રામભાઈ પી. પટેલ (ધર્મપત્ની લલિતાબહેનના દેહાંત નિમિત્તે જ્ઞાનદાન) | પલાણા (હાલ અમેરિકા) | ૨૫,૦૦૦/- |
| ૨. | શ્રીમતી ઉષાબહેન દિનેશચંદ્ર પટેલ માતુશ્રી લલિતાબહેન રામભાઈ પટેલના દેહાંત નિમિત્તે | આણંદ (હાલ અમેરિકા) | ૧૧,૦૦૦/- |
| ૩. | રમેશભાઈ પી. પટેલ માતૃતુલ્ય ભાભીશ્રી લલિતાબહેન રામભાઈ પટેલના દેહાંત નિમિત્તે | પલાણા(હાલ અમેરિકા) | ૧૧,૦૦૦/- |
| ૪. | એક સ્વજન | વડોદરા | ૧૦,૦૦૦/- |
| ૫. | ડૉ. કીર્તિકુમાર કે. પટેલ ૭૫મા જન્મદિન (તા.૧-૧-૪૨) નિમિત્તે | અમદાવાદ | ૭,૫૦૦/- |
| ૬. | પૂજ્ય શ્રીમોટાના એક ચાહક દંપતી | અમદાવાદ | ૫,૦૦૧/- |
| ૭. | કૈલાસબહેન નટવરલાલ પંડ્યા | ભાદરણ | ૨,૫૦૦/- |
| ૮. | ફાલ્ગુની જયેશભાઈ પટેલ | અમદાવાદ | ૨,૦૦૦/- |
| ૯. | એક ભક્ત | સુરત | ૧,૦૦૧/- |
| ૧૦. | અરવિંદભાઈ ઈશ્વરભાઈ પટેલનાં માતુશ્રી લીલાબાના જન્મદિન (તા.૨-૨) નિમિત્તે | નરોડા | ૧,૦૦૧/- |
| ૧૧. | રેણુકાબહેન એચ. વાંસિયા જન્મદિન (તા.૨૩-૧) નિમિત્તે | સુરત | ૧,૦૦૧/- |
| ૧૨. | સ્વ. પુષ્પાબહેન રણછોડભાઈ પંચાલની દ્વિતીય પુણ્યતિથિ (તા.૨૮-૧-૧૫) નિમિત્તે હસ્તે રણછોડભાઈ એચ. પંચાલ | નડિયાદ | ૧,૦૦૦/- |
| ૧૩. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૧૪. | જગદીશભાઈ ઈશ્વરભાઈ પટેલનાં માતુશ્રી લીલાબાના જન્મદિન (તા.૨-૨) નિમિત્તે | નરોડા | ૧,૦૦૦/- |
| ૧૫. | અરવિંદભાઈ ઈશ્વરભાઈ પટેલ દોહિત્રી શિખા વૃંદનભાઈ પટેલ (જન્મદિન ૧-૨-૧૪) | નરોડા | ૫૦૧/- |
| ૧૬. | બાબુભાઈ બોડાવાલા જન્મદિન (તા.૩-૧) નિમિત્તે | સુરત | ૫૦૦/- |
| ૧૭. | પ્રિયંક-રુચાનાં લગ્ન નિમિત્તે હસ્તે ભાસ્કરભાઈ સી. ભટ્ટ | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૮. | જયંતીભાઈ ડી. જાની વસંતપંચમી (તા.૧-૨) નિમિત્તે | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૯. | ચિ. હેલીના જન્મદિન (તા.૨૩-૧) નિમિત્તે હસ્તે ચંપાબહેન કાળુભાઈ ઠાકોર | સુરત | ૫૦૦/- |
| ૨૦. | ચિ. સમર્થના જન્મદિન (તા.૨૩-૧) નિમિત્તે હસ્તે ગાયત્રીબહેન અનંતભાઈ શાહ | સુરત | ૫૦૦/- |
| ૨૧. | વિનિતાબહેન હેમેન્દ્રભાઈ પરીખ | સુરત | ૨૦૧/- |
| ૨૨. | દર્શનાબહેન મનહરલાલ પટેલ | લવાછા | ૨૦૧/- |
| ૨૩. | પ્રમોદભાઈ એન. પટેલ | લવાછા | ૨૦૧/- |
| ૨૪. | જયકુમાર આર. પટેલ | લવાછા | ૨૦૧/- |
| ૨૫. | ધીરનેભાઈ ભીખુભાઈ દેસાઈ | વલસાડ | ૧૦૦/- |

ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક

## (૯) સ્વામી યોગાનંદનાં માતાજી

**શ્રી રમણલાલ સોની**

પરમહંસ સ્વામી યોગાનંદ (ઈ.સ. ૧૮૯૩-૧૯૫૨) ક્રિયાયોગના મહાન પુરસ્કર્તા છે. તેમણે ભારતમાં અને અમેરિકામાં ક્રિયાયોગના પ્રચાર માટે સંસ્થાઓ સ્થાપી છે. તેમણે **'યોગીની આત્મકથા'** નામે અંગ્રેજીમાં એક સુંદર ગ્રંથ લખેલો છે.

યોગાનંદનાં પિતા અને માતા બેઉ ધાર્મિક ભાવનાવાળાં હતાં, તેમાંયે માતા તો પૂરાં ભગવદ્ભક્ત હતાં. તેઓ હર હંમેશ રામાયણ મહાભારતમાંથી દૃષ્ટાંતો આપી બાળકોનું ઘડતર કરતાં. તેઓ સાધુસંતની સેવામાં તત્પર રહેતાં. આંગણે આવેલો અતિથિ હંમેશાં તેમનો સત્કાર પામતો – ગરીબગુરબાંની સેવાની તક તેઓ કદી જવા દેતાં નહિ. પિતા રેલવેમાં ઊંચા હોદ્દા પર અને સારું કમાતા હતા, તેમ છતાં કોઈ કોઈ વાર એવું બની જતું કે તેમના પગાર કરતાં વધારે રકમ તેમનાં પત્ની દીનદરિદ્રને મદદ કરવામાં વાપરી નાખતાં.

એકવાર એક નિરાધાર બાઈ એમની પાસે મદદ માટે આવી. એમણે પતિને કહ્યું : 'દશ રૂપિયા આપો ! આને આપવા છે.'

પતિએ કહ્યું : 'એક રૂપિયો બસ છે. રૂપિયો એટલે શું તેની તને ખબર છે ? હું ભણતો હતો ત્યારે એક રૂપિયા માટે મારે એક ન્યાયાધીશની પાસે હાથ લાંબો કરવો પડેલો, અને મને રૂપિયો મળેલો નહિ !'

યોગાનંદની માતાએ કહ્યું : 'આજે તમે કેટલી કડવાશથી એ ઘટનાને યાદ કરો છો ! આ બાઈને તમે દશ રૂપિયા નહિ આપો તો એ પણ આવી જ કડવાશથી તમને યાદ કરશે. તમને એ ગમશે ?'

'હું હાર્યો !' કહી તરત જ પતિએ દશ રૂપિયા કાઢી દીધા.

યોગાનંદનું પૂર્વાશ્રમનું નામ મુકુંદ. તેમનાં માતાપિતા લખનૌના લાહિરી મહાશયનાં શિષ્ય હતાં. યોગાનંદના જન્મ પછી માતા એને લઈને ગુરુનાં દર્શન કરવાં લખનૌ ગઈ. પુત્રને ગુરુના ખોળામાં મૂકી એણે કહ્યું : 'મોટો થઈ નામ કાઢે એવા આને આશીર્વાદ આપો !'

ગુરુએ બાળકને ખોળામાં લઈ તેના માથે હાથ ફેરવી કહ્યું : 'મા, તારો આ દીકરો યોગી થશે.'

આમ, માતાને પોતાના પુત્રના ભાવી જીવનકાર્યનો ખ્યાલ આવી ગયો હતો. બાળપણમાં એક પ્રસંગે માતાએ મુકુંદને ખાસ શિખામણ આપી હતી કે **'દીકરા, શબ્દમાં મંત્રની શક્તિ રહેલી છે. માટે કોઈને કષ્ટ થાય તેવું કદી બોલવું નહિ કે વિચારવું નહિ !'**

યોગાનંદ કહે છે : 'મારી માના આ શબ્દો હું કદી ભૂલ્યો નથી.'

મુકુંદ નવ વર્ષનો હતો, અને તેના પિતા નોકરી અર્થે લાહોરમાં રહેતા હતા. તેવામાં એક દિવસ એક સાધુએ આવી મુકુંદની માતાને કહ્યું : 'મા, મોટા સંતોની આજ્ઞાથી હું એક ખાસ કામે આવ્યો છું. આવતી કાલે તમે ઘરમાં પૂજાપ્રાર્થના કરતાં હશો ત્યારે તમારા

હાથમાં એક ચાંદીનું તાવીજ પ્રગટ થશે. તમે તે સાચવી રાખજો અને ત્રણ વર્ષ પછી એ તાવીજ મુકુંદને મળે તેમ કરજો !'

છેલ્લે તેણે કહ્યું : 'મુકુંદ માટે આ ગુરુપ્રાપ્તિનું તાવીજ છે. મુકુંદને એના ગુરુ મળશે તે દિવસે આ તાવીજ આપોઆપ અદશ્ય થઈ જશે.'

આટલું કહી સાધુ ચાલી ગયો.

બીજે દિવસે સાંજે ખરેખર એવું બન્યું. મુકુંદની માતા પોતાના પૂજા-ઘરમાં હાથ જોડી ભગવાનની પ્રાર્થના કરતાં હતાં, ત્યાં તેમને હથેળીમાં કંઈક સુંવાળું સુંવાળું લાગ્યું. જોયું તો ચાંદીનું તાવીજ !

માતાએ એ તાવીજ સીલબંધ પરબીડિયામાં મૂકી બરાબર સાચવ્યું. એમ બે વરસ વહી ગયાં. પછી એકાએક એ માંદાં પડ્યાં. તે વખતે એ કલકત્તામાં હતાં. મુકુંદ પિતાની સાથે બરેલી ગામે હતો. અચાનક એક મધરાતે એ ઝબકીને જાગી ગયો. એણે સામે પોતાની માતાની આકૃતિને ઊભેલી જોઈ. એ આકૃતિએ કહ્યું : 'તારા પિતાને કહે કે મને જીવતી જોવી હોય તો પહેલી જ ટ્રેઈનમાં કલકત્તા આવે.'

આકૃતિ અદશ્ય થઈ ગઈ. મુકુંદે રડતાં રડતાં પિતાને જગાડી આ વાત કરી, પણ પિતાએ તે માન્યું નહિ. સવાર થતાં કલકત્તાથી માતાની ગંભીર માંદગીની જાણ કરતો તાર આવ્યો. પિતાપુત્ર કલકત્તા આવ્યા, પણ મોડા પડ્યા — માતાએ તે પહેલાં દેહત્યાગ કર્યો હતો.

મરતી વેળા માતાએ પેલું તાવીજ મોટા દીકરા અનંતને આપી કહ્યું હતું કે બાર મહિના પછી તું એ મુકુંદને આપજે. તે પ્રમાણે બાર મહિના સુધી અનંતે તે તાવીજ પોતાની પાસે સાચવ્યું અને પછી તે મુકુંદને આપ્યું. અત્યાર સુધી મુકુંદને આ તાવીજ વિશે કશી જ ખબર નહોતી. માતાના આશીર્વાદ સમજી એણે એ તાવીજ ભક્તિભાવપૂર્વક સાચવ્યું. તે સમજી ગયો કે મારા પૂર્વજન્મના ગુરુઓ મારા પર નજર રાખી રહ્યા છે અને મારો રસ્તો તૈયાર કરી રહ્યા છે. આ તાવીજ એનું ચિહ્ન છે.

મુકુંદ જ્યાં જતો ત્યાં તાવીજ સાથે લઈ જતો, અને રોજ તાવીજનાં દર્શન કરી પ્રાર્થના કરતો : 'ગુરુનાં દર્શન કરાવો ! ગુરુ ક્યારે પ્રગટ થશે ?'

આમ કેટલોક વખત થયો. મુકુંદ કાશીમાં હતો, ત્યાં એકાએક એણે જોયું તો પડીકું સીલબંધ હતું, પણ અંદર કશું નહોતું. તાવીજ અદશ્ય થઈ ગયું હતું !

એ જ દિવસે એને એના ગુરુ મળ્યા !

માતાના આશીર્વાદ ફળ્યા ! માતાની સાધના ફળી !

'માતા-મહાતીર્થ', પ્ર.આ., પૃ. ૧૩૦ ❑

## રામનવમી મહોત્સવ

**હરિઃૐ આશ્રમ, સુરતના જણાવ્યા અનુસાર સ્વજનોને જાણકારી આપવાની કે પૂજ્ય શ્રીમોટાનો ૭૯મો સાક્ષાત્કાર દિન મહોત્સવ તા.૧૫-૪ અને ૧૬-૪ ૨૦૧૭ સુરતની મોઢ વણિકની વાડી, રૂઘનાથપુરા, બમનજી સ્ટ્રીટ, સુરત ખાતે શ્રીમતી શોભનાબહેન સુરેશચંદ્ર સોપારીવાલાના યજમાનપદે યોજાશે. વિશેષ વિગત માર્ચ, ૨૦૧૭ના 'હરિભાવ'માં અપાશે. - સંપાદક**

# (૧૦) કર્મ, સભાનતા ને સાધના

શ્રીમોટા

જીવન તેના ઉત્તમ પ્રકારના વિકાસમાં પ્રગટે એના કાજે કર્મ એ તેના ઘડતર કાજે ઘણું મહત્ત્વનું અંગ છે. કર્મ વડે જ માનવીનું જીવન ઘડાતું હોય છે. કર્મ વડે જ અનેક જીવોની સાથે સંબંધમાં અવાય છે. કર્મને લીધે જ જે તે બધાંની સમજણ પડે છે. કર્મને લીધે જ આપણા પોતામાં કેટલી કુનેહ, આવડત, ગુણ અને ભાવ વગેરે કેટલાં ને કેટલા પ્રમાણમાં છે અને કયા પ્રકારનાં છે, તે બધું કર્મથી જ સમજણ પડે છે. કર્મમાંથી, કર્મ કરતાં કરતાં ઘણી જાતનું શીખવાનું મળે છે. જે કોઈ જીવને પોતાના જીવનનું ધ્યેય મક્કમપણે નક્કી થઈ ચૂકેલું છે, એવા જીવને મળતાં જતાં પ્રત્યેક કર્મમાં પોતાના જીવનના ધ્યેયનો હેતુ-જ્ઞાનભક્તિપૂર્વક સભાનતાથી દૃઢાવતા રહેવાનું કર્યાં જ કરવું પડે છે. **જે જીવને જો કર્મમાં હેતુની સભાનતા નથી તો તેવો જીવ શ્રેયાર્થી પણ નથી** જ તે હકીકત પણ એટલી જ સાચી છે. જીવનમાં યોગ્ય પ્રકારનો વિકાસ થવાને માટે કર્મમાં તેવા પ્રકારના જ્ઞાનભક્તિપૂર્વકના હેતુની સભાનતા એટલી જ અત્યંત મહત્ત્વની અને જરૂરની છે.

શ્રીહરિકૃપાથી જીવનમાં જે રીતે સાધના થયા જવાનું બન્યું છે, તે તે રીત ને તેની સમજણ મારા જીવનમાં શ્રીહરિકૃપાથી જ્યારથી આ જીવનો અભિગમ શ્રીહરિનાં ચરણકમળ પરત્વેનો પ્રગટ્યો, ત્યારથી કર્મ પરત્વેની સમૂળગી સભાનતા બદલાઈ ગઈ હતી. ત્યારે મારા દિલમાં કર્મના કરતાં, કર્મને કરતાં કરતાં, કર્મમાં જ્ઞાનભક્તિપૂર્વકનો હેતુ કેટકેટલો જીવતોજાગતો અને ચેતનાત્મક રહે છે, ને તે હેતુની સભાનતા ત્યારે કેટલા પ્રમાણમાં ને કેવી રીતે પ્રેરણાસ્પદ બનતી, તેનું જ માત્ર હું ખૂબ ખૂબ ધ્યાન રાખતો. જેમાં ને તેમાં જીવનના ધ્યેય પરત્વેના હેતુની સભાનતા પળેપળ જીવતીજાગતી હોવી, ટકવી અને તેમાં (સભાનતામાં) પાછા ચેતનાપ્રાણ ખરેખરા પ્રગટેલા હોય તેવી જીવનમાંની પ્રત્યેક પળની સાવધાની અને સાવચેતીભરી યથાયોગ્ય પ્રમાણેની સભાનતાને જ ત્યારે મેં તો શ્રીહરિકૃપાથી સાધના ગણી હતી. જો હેતુની જીવતીજાગતી સભાનતા નથી, તો સાધના પણ નથી. તેવા જીવથી શ્રીપ્રભુમય જીવનમાં કોઈ કાળે પણ આગળ ડગ ભરી શકાવાનાં નથી એ હકીકત પણ એટલી જ સાચી છે. **જો સાધના છે તો સભાનતા પણ છે જ.** જ્યારે કંઈ કશા પરત્વે ખરેખરાં ગરજ, સ્વાર્થ, રસ, લગની, તાલાવેલી, તત્પરતા વગેરે વગેરે જો પ્રગટ્યાં હોય છે, તો તે પ્રકારની સભાનતા ત્યારે માનવીના મનમાં રહેતી હોય છે, એ તો સર્વ સાધારણ માનવીને પણ બુદ્ધિથી સમજાય તેવી હકીકત છે. તો જે જીવને જીવનવિકાસના હેતુ અર્થે સાધના કરવાની છે, ને જો પ્રત્યેક કર્મમાં તે જીવને જીવનના ધ્યેય પરત્વેની સભાનતા જો હોય જ નહિ અને ટકતી ના હોય તો તેવા મંદમાં મંદ પ્રકારની

ભાવનાવાળી સાધના જીવનને વિકાસના ક્ષેત્રમાં ઉઠાવ નહિ આપી શકે.

કંઈ પણ કશું કર્યાં કરતાં હોઈએ છીએ તો તેની પણ આપણને સમજણ પડે છે ખરી, કર્મથી જ ગુણ, ભાવ, શક્તિ, સમજણ, આવડત, કૌશલ્ય વગેરે વગેરે ખીલે છે, પરંતુ તે કર્મ ઊડઝૂડિયા રીતે કરવાથી નહિ.

કર્મ ગમે તેવા પ્રકારનું ભલેને ક્ષુલ્લકમાં ક્ષુલ્લક હોય, પરંતુ તેનો હેતુ અને ભાવ કેટલા જીવતાજાગતા છે તેના પર જ પરિણામનો આધાર છે. કોઈક છરીથી શાક પણ સમારે, કોઈક નિષ્ણાત દાક્તર છરીથી નસ્તર મૂકે, કોઈક અણઘડ છરીથી આંગળી પણ કાપી નાંખે. સાધન તો એક જ, પરંતુ તે દરેકમાં પ્રત્યેકની સમજણ, રીત, હેતુ ને ભાવ જુદાં જુદાં જ હોય છે. માત્ર કર્મનાં ચોકઠાં ઉપરથી કશું પૂરેપૂરું નહિ સમજી શકાય. એક નાનકડું બાળક પોતાના મળની સાથે રમતું હોય છે, મળમાં રગદોળાતું પણ હોય છે. એ જ મળને કોઈક મા સાફ કરે છે, અને એ જ મળ કોઈક હરિજન ભાઈ સંડાસમાંથી સાફ કરે છે. ત્રણેયમાં મળ જ મુખ્ય સાધન, પરંતુ પ્રત્યેકના માનસમાં તે તે પળે તે પરત્વેની માનસિક પ્રક્રિયા જુદી જુદી. બાળકને મળમાં સંપૂર્ણ નિર્દોષતા છે, મળને મળની રીતે જ સ્વીકારતું જ નથી, જ્યારે મા, મળને મળ તરીકે સ્વીકારે છે, અને તે પોતાના જ બાળકનું હોવાથી તેને એટલો બધો કંટાળો આવતો નથી કે અણગમો જાગતો નથી (જોકે હાલની ભણેલી ગણેલી બહેનોમાં તે પરત્વેનો કંટાળો અને અણગમો પ્રવર્તતો જાય છે. તે પ્રકારનો જો મારી સમજણમાં દોષ હોય તો વાચકો માફ કરે) એ જ મળ સંડાસમાંથી હરિજન ભાઈ સાફ કરે છે ત્યારે તેને કંટાળો અને અણગમો પ્રવર્તતો હોય છે. એટલે પ્રત્યેક કર્મમાં આપણું માનસ કેવું હોય છે અને તેનું ધોરણ કયા પ્રકારનું છે તેની ઉપર જ બધો આધાર છે. આ જીવે હરિજન આશ્રમમાં દિવસોના દિવસ સુધી મળની ડોલો ઊંચકીને મળ સાફ કરેલો છે, એટલે આ બધી હકીકતની ઝીણવટનો મને ખ્યાલ છે.

કર્મને તો સૌ કોઈ જોઈ શકે છે, પરંતુ કર્મમાં જે જીવતોજાગતો હેતુ હોય છે, તેને તો કોણ જોઈ શકે ને પારખી શકે ? આ હકીકત સાચી છે. આપણે કર્મ કરવાનું છે આપણા પોતાને માટે. જો જીવનમાં ધ્યેયમાં મરણિયા નિર્ધારની ભાવના જે જીવમાં ખરેખરી જીવતીજાગતી પ્રગટી ગયેલી છે તેવા જીવને તો થતાં જતાં પ્રત્યેક કર્મમાં જીવનના ધ્યેય પરત્વેના હેતુ અને ભાવ, ગુણ અને શક્તિ પ્રગટેલા રહ્યા કરેલાં જ હશે. એવું જ એને પ્રત્યક્ષ પ્રત્યેક કર્મમાં, પોતાની સમજણમાં ને અનુભવમાં ખરેખરું એકધારું દિલમાં દિલથી લાગ્યા જ કરતું હોય તેવો જ જીવ વિકાસમાં આગેકૂચ કરી શકવાનો છે, બાકી નહિ. આવા પ્રકારનો જીવ જ વિકાસવાંછું ગણાય. સાધનામાં પ્રગટેલો જે જીવ છે તેની વાણીમાં પણ કોઈ ન્યારા પ્રકારનો ટંકાર અને રણકાર પ્રગટેલો હોય છે. તેનાં 'નેણાં અને વેણાં' બદલાતાં જતાં હોય છે.

'કર્મઉપાસના' પ્ર.આ. પૃ.૩૮ ❑

## (૧૧) શરીર : સ્થૂળ-સૂક્ષ્મ-કારણ-મહાકારણ

**શ્રીદાસાનુદાસ**

અનંત બ્રહ્માંડમાં કેટલાંય સૂર્ય, ચંદ્ર અને પૃથ્વીઓ આવેલી છે-તે પૈકીની એક પૃથ્વી છે કે જેમાં આપણે રહીએ છીએ.

પૃથ્વીની આજુબાજુ જળ છે, તેની આજુબાજુ તેજ છે, તેની આજુબાજુ વાયુ છે અને તેની આજુબાજુ આકાશ આવેલું છે. આવું દરેક પૃથ્વીની આજુબાજુ હોય છે અને તે રીતે અનેક પૃથ્વી, અનેક ચંદ્ર અનેક સૂર્યની આજુબાજુ કેવળ વિશાળ આકાશ આવેલું છે.

આ રીતે પૃથ્વીની આજુબાજુ જળ, તેજ, વાયુ અને આકાશ છે. છતાં પણ તે બધું પાછું પૃથ્વીની અંદર પણ છે. એટલે કે જે પૃથ્વીમાં આપણે રહીએ છીએ તે પૃથ્વી અને બીજા ચાર, આ પાંચે તત્ત્વો એકમેકમાં વધતા ઓછા પ્રમાણમાં ભળવાથી આપણી પૃથ્વીનાં વિધવિધ નામોવાળાં વિધવિધ જાતના પદાર્થો અને વિધવિધ જાતના પ્રાણી બન્યાં.

પદાર્થોને આપણે જડ કહીએ છીએ. પ્રાણીઓને આપણે ચેતન કહીએ છીએ. આ રીતે પ્રાણી અને પદાર્થોના બનેલા જગતમાં આપણે રહીએ છીએ. આપણે પણ પ્રાણી છીએ. પ્રાણી એટલે પ્રાણ તત્ત્વના આધારથી જીવંત રહેનારા. તેમાં પણ આપણે તો માનવ છીએ. માનવ એટલે મનની સત્તા તળે જીવંત રહેનારા. તેમાં પણ આપણે બુદ્ધિવિશેષ જીવ છીએ. તેથી આપણે જીવન જીવીએ છીએ. જીવન એટલે વિધવિધ પ્રસંગોની હારમાળા. જીવમાત્ર જન્મ મૃત્યુને પામે છે. વારેવારે દેહ બદલે છે. દેહને લગતા સ્નેહીસગાં તેમ જ શત્રુમિત્ર પણ દરેક જન્મે બદલ્યા જ કરે છે. એ રીતે એક જીવ અન્ય ઘણા જીવો સાથે સહવાસમાં આવતો હોય છે. ઘણા પ્રસંગોમાંથી પસાર થતો હોય છે અને વિધવિધ જાતનું જ્ઞાન મેળવતાં મેળવતાં આ લોકમાં જન્મવું મરવું બંધ કરીને દેવલોકમાં અસ્તિત્વ ધરાવે છે. દેવલોકમાં ફક્ત તેજ, વાયુ અને આકાશ નામનાં ત્રણ તત્ત્વો છે. અને તે ત્રણ તત્ત્વોથી જ દેવનો દેહ બનેલો હોય છે. જીવનો દેહ પાંચ તત્ત્વોનો બનેલો છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ. પૃથ્વી અને જળ તત્ત્વથી આપણું બહારનું સ્થૂળ શરીર બનેલું છે. તેમાં હાડકાં, માંસ, લોહી અને ચામડી મુખ્ય છે.

તેજ તત્ત્વથી આપણું અંદરનું શરીર બનેલું છે. તેમાં મન ને બુદ્ધિ મુખ્ય છે.

વાયુ તત્ત્વથી આપણું કારણ શરીર બનેલું છે. તેમાં ચિત્ત મુખ્ય અને આકાશ તત્ત્વથી આપણું મહાકારણ શરીર બનેલું છે. તેમાં અહમ્ મુખ્ય છે. અહમ્ એટલે હુંપણું. તેનું સ્થાન ચંદામૃતમાં, તાળવાની ઉપર અને લલાટના ઊંડાણમાં આવેલું છે. ચિત્તનું સ્થાન લલાટમાં આવેલું છે. તેમાં વૃત્તિઓનો જથ્થો રહેલો છે અને તે વૃત્તિઓને પોષણ આપનાર ચેતના છે. બુદ્ધિનું સ્થાન હૃદયમાં આવેલું છે. તેમાં વિચારોનો જથ્થો રહેલો છે અને તે વિચારોને પોષણ આપનાર પ્રાણ છે. મનનું સ્થાન નાભિમાં આવેલું છે. તેમાં મનન કરવાની ખૂબ તાકાત છે અને તેને શ્વાસોશ્વાસ દ્વારા પોષણ મળે છે.

આ રીતે મન, બુદ્ધિ, વિચારો, શ્વાસ,

**અનુસંધાન પાન. ૨૫ ઉપર**

# (૧૨) ગોધરાના બાપજી (૧)

**શ્રી મુકુલ કલાર્થી**

*(પૂજ્ય શ્રીમોટા, બાપજીના સમાગમમાં ગોધરામાં આવ્યા હતા. બાપજીનાં ધર્મપત્ની ભારે કર્કશા હતાં. પૂજ્ય શ્રીમોટા આગળ કોઈ સ્વજન પોતાની કજિયાળી પત્ની વિશ ફરિયાદ કરે તો તેને પૂજ્ય શ્રીમોટા ગોધરાના બાપજીનું જીવનચરિત્ર વાંચવા આપતા. મૂળ જીવનચરિત્રના આધારે શ્રી ધીરુભાઈ મોદી અને શ્રી મુકુલ કલાર્થીએ પ્રસંગાત્મક જે પુસ્તક લખી આપેલું તેનું પ્રકાશન હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા સને ૧૯૮૮માં થયું હતું. તેના આધારે આ લખાણ છે. સંપાદક)*

'આ દેહ આજે બપોરે ૧૨ વાગ્યા સુધી જ જીવંત રહેશે. તમે બધા ૧૦ વાગ્યા પહેલાં જમી કરી પરવારી જશો. પછી ગીતા પાઠ કરાવશો. તે પહેલાં જે કંઈ પૂછવું ઘટે કે ખુલાસો જોઈએ તે પૂછી લેશો. ત્યાર પછી આ દેહ છૂટે ત્યાં સુધી, કોઈ રીતે ક્રિયા-વાતચીતથી દખલ ન કરશો.'

ગોધરાના બાપજીના દેહ છૂટવાના સમયે આ પ્રકારના શબ્દો હતા.

પૂજ્ય બાપજીનો જન્મ ઈ.સ.૧૮૫૪માં સંવત ૧૯૧૧માં જન્માષ્ટમીના દિવસે રાતે બાર વાગ્યે થયો હતો. શ્રીકૃષ્ણ ભગવાનના જન્મના બરાબર સમયે. બાપજીના પિતા સેવકરામ શાંત સ્થળની શોધમાં હતા. તેઓ ગોધરા ગામના સીમાડે અત્યારે જ્યાં તળાવ છે એને કાંઠે ધર્મશાળા અને કૂવો છે અને વચમાં ખડકી છે—એ સ્થળે તેઓએ નિવાસ કર્યો હતો.

ભગત સેવકરામને ચાર દીકરાઓ હતા. રણછોડદાસ, ભૂરાભાઈ, પુરુષોત્તમદાસ અને છોટુભાઈ. પુરુષોત્તમદાસ—એ જ ગોધરાના બાપજી. તેમની પાંચ વર્ષની વય હતી ત્યારે પિતાજીનો અને ચૌદ વર્ષના હતા ત્યારે માતાજીનો દેહાંત થયેલો. પિતા તો ભક્ત હતા સાથો સાથ માતા પણ એ કક્ષાના હતાં. સેવકરામે પોતાના દેહાંત પહેલાં ચાર વાગ્યે પરોઢિયે જાગી સ્નાન કરી પાડોશીને જગાડીને કહેલું કે 'હું જાઉં છું, મારા પુરુષોત્તમની ભાળ લેજો.' તે પછી શાંતિથી ચિરનિદ્રામાં પોઢી ગયા.

મિલકતની વહેંચણી સમયે પુરુષોત્તમ નિસ્પૃહી રહ્યા. પોતાના ભાગે આવેલ મકાનના જીર્ણ ભાગની મરામત માટે મોટા ભાઈ પાસેથી રકમ લીધેલી. મુદ્દલ કે વ્યાજ ભરી શકે એવી સ્થિતિ ન હોઈ પુરુષોત્તમ ગોધરા છોડી મહુધે જતા રહ્યા. દસેક વર્ષ બાદ સગાંઓની સલાહથી ગોધરા પાછા આવ્યા. તેઓ વ્યાવસાયિક કુંભાર કામ કરતા. સતત કામ, કામ ને કામ. સાથે સાથે મુખમાં ભજન ને રામનામ.

પોતાના આંગણે આવેલ સાધુ-સંતને તેઓ આવકારતા. પિતાજીની માફક તેઓ પણ હનુમાનજીના પરમ ભક્ત હતા. ઉપરાંત, પ્રહ્‌લાદને ઉગારનાર ભગવાન નરસિંહના પણ ઉપાસક હતા.

એક વખત એક ઑલિયા બાપજીના ત્યાં આવી ચડ્યા. સંતજી અવધૂત દશામાં વિચરતા હતા. કેડે દોરડું બાંધે, એક કૌપિન જેવું વસ્ત્ર કદીક વીંટે, કોઈ વાર દિગંબર ! શરીરે પુષ્ટ, હાથમાં ગોળાના માટલાનું ઠીબ લઈને વિચરે ! બાપજીના ઘેર આવીને ટહેલ નાખે :-

પુરુષોત્તમ કુછ ભી દે, દે, ! કલ્યાણ હોગા. બાપજી રોટલા અને છાસ ભાવથી ધરતા. સંતજી પૂર્ણ સંતોષથી બચકું ખાઈ લે. સંતજીની સાથે કૂતરાનું ટોળું ફરે, એ જ ઠીબમાં કૂતરાને ખવડાવે, પોતે પણ ખાતા જાય. સંતજી મહાજ્ઞાની હતા, નામ, ગામ-ઠામ કશાની તમા

જ નહિ. સદા મસ્તીમાં રહે. બાપજી એક વખત રાત્રે રોટલા ને છાસ લઈને સ્મશાને સંતજીને જમાડવા જતા હતા. રસ્તામાં પાંચસાત વાઘનું ટોળું સામે આવતું જોયું. ત્યાં તો સ્મશાનમાંથી સંતજીએ બૂમ પાડી : ‘પુરુષોત્તમ, ચલે આ. ગભરા નહિ. ઓ કુત્તા ક્યા કરેગા ? ચલે આ બચ્ચા !’ બાપજી નિર્ભયપણે ગુરુમહારાજ પાસે પહોંચી ગયા. ભક્તિભાવે પ્રણામ કરી રોટલા ને છાસ મૂકી, હાથ પગ દબાવવા લાગ્યા. ગુરુ મહારાજ પ્રસાદ આરોગી ગયા. ગુરુમહારાજ બાપજીને સાધનાને માર્ગે દોરતા ગયા. એ સાધના વિશે બાપજીએ જાહેરમાં કશું કોઈને કહ્યું નથી.

છેવટે જતાં જતાં ગુરુજીએ બાપજીના માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. ગુરુજીએ એમનામાં દિવ્ય શક્તિનું આરોપણ કરતાં તે જ વેળાથી બાપજીમાં રૂપાંતર થતાં પોતે તે અનુભવ્યું. તે વખતે બાપજીની ઉંમર એકવીસ વર્ષની હતી. ત્રણ દસકા સુધી એ અનુભવ ગુપ્ત રહી ખૂબ ઘૂંટ્યો. રહેણીકરણી સામાન્ય ગૃહસ્થ જેવી જ રહી. ભૂલથી પણ કદી જ્ઞાનની વાત કરતા નહિ. તેમની પાસે જે આવે તેને સહાય કરતા, તે પણ ગુપ્ત રીતે.

બાપજીએ બીજા સંતોનાં પણ પડખાં સેવ્યાં. મહુધાથી નજીક નડિયાદમાં પ્રણામીનું મંદિર છે. એના મહંત બિહારીદાસ હતા. ઉપરાંત, નડિયાદમાં કુબેરદાસજીનું મંદિર છે. કુબેરદાસજી સંત તરીકે ગુજરાતમાં જાણીતા હતા. જ્ઞાનદીક્ષા પછી બાપજી ઘર છોડી એકાંતમાં સાધના કરવા ચારેક વખત જતા રહેલા. હરદ્વાર, ગોકુળ-વૃંદાવન, દ્વારકા વગેરે સ્થાનોની યાત્રા પણ તેમણે કરી હતી.

સામાન્ય સંસારીનો અને અભેદ માર્ગના પ્રવાસીનો સંસાર—એ બેમાં મોટો તફાવત હોય છે. **ગૃહસ્થાશ્રમમાં સંતપુરુષની કસોટી થતી હોય છે. એવી સાધનાને જ અધ્યાત્મમાં મહત્ત્વની ગણેલી છે.**

બાપજી જ્યારે ચૌદેક વર્ષના હતા ત્યારે તેમના કુટુંબીજનોએ તેમનાં લગ્ન કરેલાં. તેમનાં ધર્મપત્ની જમનાબા અલગ પ્રકૃતિનાં હતાં. એમને મન સગાંવહાલાં, સાંસારિક ઠાઠમાઠ, કીર્તિ, પૈસા એ બધું મહત્ત્વનું હતું.

બાપજી અતિઉદાર અને નિર્મળ હૃદયના હતા. એટલે જમનાબાનાં તીખાં મહેણાં, ટોણાં, રિસામણાં, છણકા બધું શાંતિથી સહન કર્યે જતા હતા. શંકર ભગવાનની જેમ સંસારનું હળાહળ ઝેર કંઠમાં રાખી તેમણે ધર્મપત્ની પ્રત્યે હૈયાની કુમાશ રાખેલી. બાપજીને ખ્યાલ હતો કે જમનાબા કુંભાર જ્ઞાતિમાં જન્મેલા તો છે જ. ભણેલાં-ગણેલાં નહિ, સ્વભાવ પણ આપખુદ અને સ્વમાની. બાપજીએ પતિપણું કદી દાખવ્યું નથી. પત્નીમાં પણ આત્મા છે એમ જાણી એમને દૂભવતા નહિ. નિકટના સત્સંગીઓને પણ બાપજી કહેતા કે તે રાજી રહે એમ કરો. બાપજી સત્સંગ માટે જ્યાં જાય ત્યાં તેમને સાથે રાખતા. તેમના બન્ને પુત્રો-એક બાર વર્ષની ઉંમરે અને બીજો સાત વર્ષની ઉંમરે ગુજરી ગયેલા.

બાપજી જ્યારે ભક્તો સાથે સત્સંગ કરતા હોય ત્યારે જમનાબા એમની ગાદી ઉપર બેસી જતાં અને વચ્ચે વચ્ચે વ્યવહાર-વિવેકનો ભંગ કરી પોતાનું ડહાપણ ડહોળવા મંડી પડતાં અને ભક્તોને સમજાવવા લાગી જતાં. ભક્તજનો માજીનો આપખુદ સ્વભાવ જાણી ગયાં હતાં. બાપજી સાથેના સત્સંગ માટે ભક્તો એ બધું સ્વીકારી લેતા. બાપજી પોતાની અર્ધાંગનાને જરા પણ જુદાઈ વિના સર્વ રીતે અનુકૂળ

થતાં, પરંતુ માજીને એનો ખ્યાલ ન હતો કે કદર પણ ન હતી.

બાપજીને વલસાડ અને પારડી નજીક વાઘછીપા ગામે જવાનું વધારે ગમતું. ત્યાંનાં સ્ત્રી-પુરુષો ભક્તિશાળી અને ભાવનાવાળાં હતાં. ભજન કિર્તનમાં બાપજીને ત્યાં ઘણો આનંદ આવતો હતો.

છેવટના દિવસોમાં બાપજીને વચ્ચે વચ્ચે લોહીની ઊલટીઓ થતી હતી. માજીએ એવે સમયે બાપજીની સેવા કરવી જોઈએ. તેના બદલે ધર્મપત્નીને ન છાજે એવું વર્તન દાખવતાં હતાં. બાપજી તો ક્ષમાના સાગર હતા એટલે બધું શાંતિથી સહી લેતા હતા. લોહીની ઊલટી થતી ત્યારે બાપજી સહન કરી લેતા અને 'બધો કચરો છો નીકળી જતો' એવો ભાવ રાખતા હતા. માજીને એનો ખ્યાલ આવે નહિ અને દુન્યવી રીતે બબડે, 'મૂઆએ શુંયે કર્યું હશે ! ના કહીએ છતાં કંઈ ને કંઈ ખાઈ જાય. આ તો મોકાણ મંડાણી, આખી જિંદગીમાં કોઈ વાર ઊલટી થઈ નથી, આજે આ વળી શું માંડ્યું છે ? વગેરે વગેરે.'

બાપજી સામાન્ય સંસારીની જેમ રહેતા. પોતાનો કુંભારનો વ્યવસાય પણ સારી રીતે કરતા. માત્ર રાતે ભજનકીર્તન કરતાં. બાપજીના ભક્તજનોમાં ઉચ્ચ જ્ઞાતિના વાણિયા-બ્રાહ્મણ પણ હતા. ખાનદાન કુટુંબના પારસીઓ પણ બાપજી પાસે આવતા.

છોટુભાઈ દરૂએ એક વખત બાપજીને તેમના વ્યવસાયમાંથી મુક્તિ અપાવવાની દરખાસ્ત કરી, પણ બાપજીએ સહજભાવે એનો સ્વીકાર ન કર્યો, પણ છોટુભાઈ મક્કમ હતા અને પ્રારબ્ધે ગતિ બદલી છે એમ માની પોતાનું કુંભાર કામ બંધ કરેલું. માટલા ઘડવાને બદલે હવે માણસોને ઘડવાનો ધંધો આદર્યો.

વાઘછીપા ગામ તો બાપજીનું 'ગોકુળિયું' હતું. ત્યાંના ભક્તિઘેલાં ભાવિક ભાઈબહેનોનો ભાવ અજોડ હતો. તંબૂરા-મંજીરા સાથે ભજન મંડળી જામતી. બહેનોની પણ અલગ ભજન મંડળી રમઝટ ભજનો કરતી.

મહાત્મા ગાંધીજીના અંતેવાસી અને રહસ્ય મંત્રી શ્રી મહાદેવભાઈ દેસાઈ મુંબઈમાં કૉલેજમાં ભણતા હતા ત્યારે બાપજીના સંપર્કમાં આવેલા. મહાદેવભાઈના પિતાશ્રી વલસાડ હતા તે દરમ્યાન બાપજી અવારનવાર વલસાડ આવતા. બાપજીની ભજનમંડળીમાં મહાદેવભાઈ જોડાઈ જતા. મહાદેવભાઈએ લખ્યું છે :

'એ સંતપુરુષનો પરિચય મારા પિતા મારફતે મને થયેલો. કૉલેજમાં અભ્યાસ કરતો તે વેળા સ્વામી વિવેકાનંદનાં પુસ્તકો અને તે દ્વારા શ્રીરામકૃષ્ણ પરમહંસનો કંઈક પરિચય મને થયો હતો. એ પરમહંસની પ્રતિમૂર્તિ બાપજીમાં મને જોવા મળતી. એ પરમહંસનાં વચનોનું રહસ્ય આ સંતપુરુષનાં-બાપજીનાં વચનોથી મને સમજાયું હતું.'

બાપજી વલસાડ હોય અને મહાદેવભાઈ રજાઓમાં વલસાડ ગયા હોય ત્યારે બાપજીની ભજનમંડળીમાં તેઓ જતા હતા. બાપજી મહાદેવભાઈ પાસે ભજન ગવડાવતા હતા. તે દિવસોમાં પૂજ્ય શ્રીમોટા પણ બાપજીને મળવા ગોધરા કોઈ કોઈ વાર જતા. નડિયાદ બાપજી પધારેલા હોય ત્યારે મળવા પણ જતા. કોઈની પત્ની કર્કશા હોય એની કથની મોટા આગળ કહે તો મોટા એને બાપજીનું જીવનચરિત્ર વાંચી જવા કહેતા. એ વાંચીને એવા જીવોને કંઈક આશ્વાસન મળતું. ક્રમશઃ

'ગોધરાના બાપજી મહારાજનું જીવનચરિત્ર', પ્ર.આ.માંથી સાભાર ❑

## (૧૩) પંચમહાભૂત અને પંચીકરણ

**શ્રીરામબાવા**

દેહ પંચભૂતનો બનેલો છે. દેહ દૃષ્ય છે, જડ છે, વિકારી છે, કર્તા છે, ભોક્તા છે, મલિન છે. તેથી તે આત્માથી ન્યારો છે. દેહના અનેક ધર્મ છે જેમ કે બ્રાહ્મણ, ગૃહસ્થ, જુવાન, લાંબો, ટૂંકો, કાળો, ગોરો. તે આત્મામાં નથી. આ પ્રકારના વિચારથી દેહમાંથી અહંતા-મમતા ટળી જાય છે. દેહ જન્મ્યો ત્યારે તેને કોઈ નામ નથી હોતું. જન્મના કેટલાક દિવસ પછી તેનું નામ પાડવામાં આવે છે. જેમ કોઈ વ્યક્તિ દેહ માત્ર નથી. તેમ દેહ પણ તેનો હોતો નથી, કારણ કે અંતે જીવ તથા દેહ જુદા પડે છે.

હું દેહ છું ને એ દેહ તથા દેહના સંબંધી મારા છે એવું અહં-મમત્વ મૂકી દઈ સમદૃષ્ટિથી વર્તવું, નહિતર એ અહં-મમત્વ દુઃખનું કારણ બને છે.

પૃથ્વી, જળ, વાયુ, તેજ અને આકાશ એ પંચમહાભૂતનો દેહ બનેલો છે. શરીરમાં હાડકાં વગેરેનો જેટલો કઠણ ભાગ છે તે પૃથ્વીનો છે. લોહી વગેરે જેટલો પ્રવાહી ભાગ છે તે જળનો છે. જઠર વગેરે જેટલો ઉષ્ણ ભાગ છે તે તેજનો છે. હલનચલન, સંકોચન, શ્વાસ વગેરે જે ક્રિયા થાય છે તે વાયુનો ભાગ છે અને કામ, ક્રોધ વગેરે આકાશનો ભાગ છે એ રીતે પંચમહાભૂતનો દેહ બનેલો છે.

આ પંચમહાભૂતના પ્રત્યેક પાંચ પાંચ તત્ત્વો છે એ રીતે પચીસ તત્ત્વોનો સ્થૂળ દેહ બનેલો છે. નીચેના કોષ્ટકથી એ પચીસ તત્ત્વો સમજી શકાશે.

| | પૃથ્વીનાં | જળનાં | તેજનાં | વાયુનાં | આકાશનાં |
|---|---|---|---|---|---|
| ૧. | અસ્થિ | શુક્ર | ક્ષુધા | ચલન | કામ |
| ૨. | માંસ | શોણિત રુધિર (લોહી) | તૃષા | વલન | ક્રોધ |
| ૩. | ત્વચા | લાળ | આલસ | ધાવન | શોક |
| ૪. | નાડી | મૂત્ર | નિદ્રા | પ્રસરણ | મોહ |
| ૫. | રોમ (રૂંવાડાં) | પ્રસ્વેદ પરસેવો | ક્રાંતિ (તેજ) | આકુંચન (સંકોચન) | ભય |

આ સ્થૂળ દેહમાંથી પ્રાણ નીકળી જાય છે ત્યારે શબમાં પૃથ્વીનાં તત્ત્વો શેષ રહે છે. જળ, તેજ, વાયુ અને આકાશનાં પાંચપાંચ તત્ત્વો જે તે મૂળ તત્ત્વમાં ભળી જાય છે. પૃથ્વીનાં પાંચ તત્ત્વો અસ્થિ, માંસ, ત્વચા, નાડી અને રોમ-રૂંવાટાં-શબમાં બાકી રહે છે. એ શબ ત્રણ પ્રકારે વગે થાય છે. બાળવાથી, દાટવાથી કે જાનવરોના ખાવાથી. જો બાળવામાં આવે તો તેની રાખ થઈને પૃથ્વીમાં ભળી જાય છે. જો દાટવામાં આવે તો તેની માટી થઈને પૃથ્વીમાં ભળી જાય છે અને જો જાનવરો ખાઈ જાય તો તેની વિષ્ટા થઈને પૃથ્વીમાં મળી જાય છે.

તેજનાં એટલે અગ્નિનાં પાંચ તત્ત્વો છે. ભૂખ, તૃષ્ણા, આળસ, નિદ્રા અને ક્રાંતિ એટલે તેજ અગ્નિના કારણે જ ભૂખ લાગે છે ને ખાધેલું પચે છે. અગ્નિથી જ જળ પિવાય છે. ખોરાક અને જળ લેવાથી આળસ થતાં નિદ્રા આવી જાય છે. અગ્નિથી ખોરાક પચ્યો તેથી દેહમાં ક્રાંતિ થઈ. આ પાંચે તત્ત્વો અગ્નિનાં (તેજના) છે. શરીરમાં વાયુ ક્ષોભ કરે તો તે

સુકાઈને લાકડા જેવું થઈ જાય છે. પછી શરીરથી ચલાય નહિ, વળાય નહિ, સંકોચાવાય નહિ ને ફૂલાવાય નહિ. આ પાંચે તત્ત્વો વાયુનાં છે.

મનને કોઈ વસ્તુની કામના થાય અને તે મળે નહિ ત્યારે ક્રોધ ચઢે છે. દેહ, પુત્ર, પરિવાર, ઘર વગેરેમાં મોહ ઊપજે છે. રખેને તેનો નાશ થઈ જાય, તે ભયથી શોક ઉત્પન્ન થાય છે. તે આકાશને યોગે કરીને થાય છે. તે હૃદયાકાશમાંથી ઉત્પન્ન થાય છે. આ પાંચ તત્ત્વો જોકે સૂક્ષ્મ દેહનાં ધર્મ છે, તોપણ તેઓના આવેશ સ્થૂળ દેહનાં તત્ત્વો ગણ્યાં છે.

'શ્રીરામબાવાકૃત પંચીકરણ' બી.આ., પૃ.૮૪ ❑

**અનુસંધાન પાન. ૨૦ નું ચાલુ**

મનનશક્તિ અને પ્રાણ આ બધું મળીને સૂક્ષ્મદેહ કહેવાય છે.

આ રીતે અનેક ઇચ્છાઓને વશ થઈને આપણું જીવન સર્જાયેલું હોય છે અને તે બધી જ વહેલી મોડી ખપાવવાની જ હોય છે. કેટલીક જૂની ઇચ્છાઓ ખપે છે જ્યારે કેટલીક નવી ઇચ્છાઓ પ્રગટ થાય છે. આ દેહે કરીને જે ઇચ્છાઓ નથી ખપાવી શકતાં, તે ઇચ્છાઓનો નવો દેહ ઘડાય છે. એમ અનેક દેહ કરીને અનેક જાતની ઇચ્છાઓ ખપાવતાં ખપાવતાં છેવટે જ્યારે આ લોકને લગતી ઇચ્છાઓ ખપી જાય છે અને પરલોકને જોવા, જાણવા અને માણવા બાબતની જ ઇચ્છાઓ શેષ રહે છે, ત્યારે આપણે જીવ મટીને દેવ બનીએ છીએ અને આ લોક છોડીને પરલોકમાં રહીએ છીએ.

'હસ્તલિખિત નોંધપોથીમાંથી' ❑

**અનુસંધાન પાન. ૧૧ નું ચાલુ**

આ ઓરડા બહુ નાના લાગે છે. એટલે આ ઓરડા પડાવીને નવા ઓરડા થોડા મોટા બનાવો.' તુરત જ દાદા ખાચર બોલ્યા, 'ભલે દયાળુ ! આ ઓરડા પડાવીને નવા ઓરડા થોડા મોટા બનાવવાનું શરૂ કરી દઈશું.' દાદાએ બીજા ત્રણ નવા ઓરડા મોટા બનાવી દીધા.

શ્રીજીમહારાજ નવા બનેલા ઓરડા નિહાળતાં જ બોલ્યા, 'દાદા ખાચર, આ તો બહુ મોટા ઓરડા છે. આવડા મોટા ઓરડાને આપણે શું કરવા છે ? માટે આ ઓરડા પણ પડાવી નાખો અને સરખા માપના ઓરડા ફરી બનાવરાવો.'

દાદા ખાચરે કહ્યું, 'ભલે દયાળુ, આપ કહો તેમ, આપને ગમે તેમ જ અમારે કરવું રહ્યું.'

આવી રીતે શ્રીજીમહારાજે એક બે વખત નહિ પણ ત્રણથી ચાર વખત ઓરડા તૈયાર કરાવીને પાછા પડાવી નાખ્યા. છતાં દાદા ખાચરને ખર્ચ કે સમયના ભોગનો વિચાર સરખો પણ આવ્યો નહિ. ક્રમશઃ ❑

## ગયેલા આત્માને

**પૂજ્ય શ્રીમોટાના નરોડાના સદ્‌ગત સ્વજન શ્રી અમૃતભાઈ (મોટા) કે જેઓએ સ્વઉમળકે પૂજ્ય શ્રીમોટાની અનુમતિ અને કૃપાથી હરિઃૐ આશ્રમ નરોડાનું સ્થાપન અને સંચાલન કર્યું હતું, તેમના પુત્ર શ્રી ગણપતભાઈનો તા.૧૬-૧-૨૦૧૭ના રોજ દેહાંત થયો છે. શ્રીહરિ ગતાત્માનું યશકલ્યાણ પ્રેરે એવી પ્રાર્થના છે.**

**- સંપાદક**

## (૧૪) પૂજ્ય શ્રીમોટાના સંદેશપ્રસારક : શ્રી જયંતીભાઈ જાની — સંપાદક

પૂજ્ય શ્રીમોટાની કૃપાસહાયથી સને ૧૯૭૦માં શ્રી જયંતીભાઈ જાનીને અમદાવાદમાં શિક્ષક તરીકે નિમણૂક મળી હતી. **'આશ્રમ માટે તું કંઈક કામ કર'** એવા શ્રીમોટાના આદેશ અન્વયે સને ૧૯૭૦ થી ૧૯૭૬ દરમિયાન સ્વજનો-સંસ્થાઓના સંપર્ક દ્વારા એક લાખ રૂપિયા જેવો ફાળો તેઓએ એકત્રિત કર્યો હતો.

સને ૧૯૭૬માં દેહત્યાગ પૂર્વે શ્રીમોટાએ **'તને શરમ ના આવતી હોય તો (નામસ્મરણનો) જેટલો ચેપ લગાડાય તેટલો લગાડજે અને ભેખ લે'** એવો જે આદેશ આપેલો, તે મુજબ સને ૧૯૭૬ થી ૨૦૦૨ સુધી અમદાવાદનાં જુદાં જુદાં સ્વજનોના નિવાસે ૨,૪,૭ અને ૧૨ કલાક સુધી શ્રીમોટાની કૃપાથી નામસ્મરણ કર્યું હતું. તે બાદ નિમિત્તયોગે તા.૧૭-૨-૨૦૦૨ને વસંતપંચમીના રોજ સુરત મુકામે જપયજ્ઞનો પ્રારંભ સદ્‌ગત ઉપેન્દ્રભાઈ અલમૌલાને ત્યાં કરાયો હતો, જે હજી પણ પૂ.શ્રીમોટાની કૃપાથી અને સ્વજનોના સહકારથી ચાલુ છે. તેને આ વસંતપંચમીએ તા.૧૭-૨-૨૦૧૭ના રોજ પંદર વર્ષ પૂરાં થશે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ દ્વારા **'રાગદ્વેષ'**ની દ્વિતીય આવૃત્તિના તા.૨૨-૮-૧૯૮૫ના પ્રકાશનમાં ટ્રસ્ટીમંડળે સમર્પણાંજલિમાં જયંતીભાઈના સેવાકાર્યનો જે ઉલ્લેખ કરાયો છે, તે નીચે મુજબ છે.

### સમર્પણાંજલિ

અનેક વર્ષોથી પૂજ્ય શ્રીમોટા અને હરિઃૐ આશ્રમ સાથે
નિકટવર્તીપણે સંકળાયેલા રહીને
શરૂશરૂમાં લાગતા-વળગતાઓની પાસેથી
આશ્રમ માટે ફાળો મેળવીને
તથા
સ્વ-અધ્યાપન કાર્ય જાળવીને અમદાવાદના આશ્રમનાં
સ્વજનોના જન્મદિને
તેમને ગૃહે શુભ પ્રભાતે પહોંચીને સ્વ-ઊર્મિથી
પૂજ્ય શ્રીમોટાની શુભેચ્છાઓ પાઠવીને
તથા તે બાદ
આશ્રમના મિત્રોના ગૃહે નામસ્મરણ પરત્વેનો
મહિમા ફેલાવતા રહીને
તથા
પૂજ્ય શ્રીમોટાવિરચિત પદ્યની કંઠસ્થ કડીઓ દ્વારા
પૂજ્ય શ્રીમોટાનો સંદેશો પ્રસારી રહ્યા છે
એવા
**શ્રી જયંતીભાઈ જાનીને**
સસ્નેહ સમર્પણ

હરિઃૐ આશ્રમ, નડિયાદ. તા.૨૨-૮-૧૯૮૫ — હરિઃૐ આશ્રમ ટ્રસ્ટી મંડળ, નડિયાદ



ઈસ જગત મેં આનંદ કે સાધન અસીમ હૈ. યે હવા, યે ફૂલપત્તે, આકાશ, ચાંદ-સિતારે, પહાડ-જંગલ, ખાનેપીને કી બહોત સી ચીજેં.... હમારી ચારોં ઓર આનંદ હી આનંદ હૈ. ઉસ કી કોઈ સીમા નહીં હૈ, લેકિન હમ હમારી અક્ષમતા કે કારણ અસીમ આનંદ કા પર્યાપ્ત ઉપભોગ કર નહીં સકતે. ઔર હમ ઉસકા દોષ કિસી ઓર પર ડાલતે હૈ...

- સાવલીના સ્વામીજી

*'જિજ્ઞાસુની ડાયરી', બી, આ., પૃ. ૩૧૩*

**HARIBHAV, FABRUARY - 2017**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2015-2017
Valid upto 31st December -2017 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Prepayment of postage No. CPMG/GJ/91/2017
valid upto 31-12-2017



મને બચપણથી રામનામ શીખવવામાં આવેલ હોવાથી એનો આધાર મને મળ્યા જ કરે છે. જે મંત્ર લઈએ તેમાં તલ્લીન થવું જોઈએ. મંત્ર જપતાં ભલે વિચારો આવ્યા કરે, તે છતાં શ્રદ્ધા રાખી મંત્રનો જપ જે જપ્યા કરશે તે અંતે વિજય મેળવશે. એ મંત્ર તેની જીવાદોરી થશે અને બધાં સંકટોમાંથી તેને બચાવશે.

-ગાંધીજી

*'દિવ્ય જીવન', જુલાઈ, ૨૦૦૪, પૃ. ૩૧*

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com